॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય

ૐ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

રક્ષાબંધન

પૂજ્ય શ્રી

વિશ્વબંધુ હૈં આપ, ભાવસિન્ધુ વિશાલ;
ઉપર તરલ ક્રાંતિ, ભીતર અગાધ શાંતિ
બરસતે રહતે હૈં આપકે દિલ સે
શાંતિ-રક્ષા-આશીર્વાદ-ક્ષમા. - જયાબેન

ૐ

પ્રતિરક્ષા

"ઉપર તરલ ક્રાંતિ, ભીતર અગાધ શાંતિ"
બહન હી યહ રહસ્ય જાનતી, ઔર ભટક રહે હૈં ભ્રાંતિ. - યોગભિક્ષુ

શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે
૨૧મો 'ઓમ્‌કાર' ધ્વજારોહણ-મહોત્સવ તથા ભિક્ષુબોધોત્સવ

સ્થળ :- "નિર્વિકલ્પ મુક્તિધામ", નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા.

તારીખ :- ૨૬-૧૨-૧૯૯૯ રવિવાર, સવારે ૧૦ થી ૩
સકળ ઓમ્‌પરિવારને હાર્દિક નિમંત્રણ

ઓમ્‌પરિવારના ઉત્સવ - ૨૦૦૦

કયા પ્રસંગ નિમિત્તે	સ્થળ	તારીખ અને વાર
ગુરુપૂર્ણિમા	ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરીયા, મણીનગર, અમદાવાદ-૨૮.	૧૬-૭-૨૦૦૦ રવિવાર, સવારે ૮ થી ૨
ઓમ્‌ ગુરુદેવ જયંતી	પંકજભાઈ શાહ, અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામેની ગલીમાં, સી. એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ.	૨૨-૧૦-૨૦૦૦ રવિવાર, સાંજે ૪ થી ૮
બેસતું વર્ષ	નેપધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮.	૨૮-૧૦-૨૦૦૦ શનિવાર, સવારે ૭ થી ૮
શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે	"નિર્વિકલ્પ મુક્તિધામ" નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા.	૩૧-૧૨-૨૦૦૦ રવિવાર, સવારે ૧૦ થી ૩

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુકત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જાન્યુઆરી - ફેબ્રુઆરી - માર્ચ (ત્રિમાસિક)
VOL - X (1999-2000) ISSUE - III માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જીવનગાથા

પ્રવકતા - યોગભિક્ષુ
સંકલન : નૈષધ વ્યાસ

અમે 'ધર્મમેઘ'માં આરામ કરતા હતા તે સમયે એક ભકત દર્શનાર્થે આવ્યા. અમને નારાયણ કરી તેઓએ આસન ગ્રહણ કર્યું. અમારી આજુબાજુમાં નિસર્ગોપચારનાં પુસ્તકોનો ઢગલો જોઈ તેમણે પ્રશ્ન કર્યો કે, "ગુરુજી! આપ નિસર્ગોપચારના ખૂબ પ્રેમી અને ઊંડા અભ્યાસી છો તો પછી નિસર્ગોપચારનો પ્રચાર કેમ નથી કરતા ?" અમે તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું કે -

તમારી વાત સાવ સાચી છે. અમે નિસર્ગોપચારના ખૂબ પ્રેમી અને ઊંડા અભ્યાસી પણ છીએ; અને તેના પ્રચારક પણ છીએ. પરંતુ અમારી પ્રચાર કરવાની પદ્ધતિ જરા નિરાળી છે એટલે તમને એની ખબર નહીં પડતી હોય. અમે વર્ષોથી અમારી રીતે નિસર્ગોપચારનો ખૂબ પ્રચાર કરીએ છીએ. આ કાર્ય અમે એટલી સહજતાથી કરીએ છીએ કે એ વાત કોઈના ધ્યાનમાં પણ ન આવે કે અમે નિસર્ગોપચારનો પ્રચાર કરી રહ્યા છીએ. તેના માટે અમારે કોઈ મોટા સ્ટાફની જરૂર નથી પડતી કે નથી તો મોટાં કેન્દ્રો કે મોટી હોસ્પિટલો બનાવવાની જરૂર પડતી. અમારા ઓમ્પરિવારના નિશ્ચિત થયેલા આધ્યાત્મિક કાર્યક્રમોમાં અમે અમારી રીતે નિસર્ગોપચારનું જ્ઞાન પીરસતા હોઈએ છીએ. અને નિસર્ગોપચારનું આચરણ ભકતો જાણેઅજાણે કેવી રીતે કરે તેની પ્રેમપૂર્વકની યુકિતપ્રયુકિતઓનો ઉપયોગ કરતા હોઈએ છીએ.

ઓમ્પરિવારના આધ્યાત્મિક ઉત્સવોમાં જ્યારે જ્યારે આરતી ઉતારવાનો પ્રસંગ આવે ત્યારે એ આરતીની ઉછામણી બોલાય. ઉછામણીમાં વધુમાં વધુ જે વ્યકિત બોલે તેને આરતીનો લાભ મળે. પણ ઉછામણી શેની થાય ? કોઈ રૂપિયા-પૈસાની ઉછામણી ન થાય. અમે ઉછામણી કરીએ કે કોણ એક મહિનામાં ભગવાનના નામના વધુમાં વધુ જપ કરે છે, કે કોણ અમુક અમુક વ્યસનોનો ત્યાગ કરે છે; કે કોણ અમુક મહિનાઓ સુધી ખાંડ ખાવાનું, તળેલું ખાવાનું, કઠોળ ખાવાનું બંધ કરે છે? તેઓ આરતી ઉતારે. આમ, રૂપિયા-પૈસાની ઉછામણી બોલાવવાની નહીં. પરંતુ આ રીતે ઉછામણીના નામે તે દિવસે અમે સૌને સંયમ, નિયમ, સદાચાર, આરોગ્ય વગેરેના નિયમો લેવડાવીએ. અને એ નિયમો જે લે તે સૌ ગુરુજીની, ઓમ્ ભગવાનના ફોટાની આરતી ઉતારે.

તો આમ, અમે અમારી રીતે નિસર્ગોપચારનો પ્રચાર કરીએ છીએ. લોકો એ રીતે નિસર્ગોપચારનો ખૂબ પ્રસન્નતાપૂર્વક લાભ લઈ રહ્યા છે. ઓમ્પરિવારમાં દર ત્રણ મહિને, છ મહિને, બાર મહિને અમુક પ્રસંગો આવે. એમાં અમુક અમુક નિયમો લેવાય. એ નિયમો

પૂરા થાય ત્યાં બીજો પ્રસંગ આવે. એ વખતે વળી પાછા બીજા નિયમો લેવાય. આમ નિસર્ગોપચારનો પ્રચાર સહજ રીતે કરવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, કે જેથી લોકોને એમ લાગે પણ નહીં કે પોતે નિસર્ગોપચારનું ભારેખમ આચરણ કરી રહ્યા છે. સહજ રીતે જ આવા આરોગ્યદાયી નિયમોનો લાભ મળે એટલા માટે જ આરતીની ઉછામણી થાય. જે જે કોઈ આવા નિયમો લે તેને આરતી ઉતારવાનો લાભ મળે. તે લાભ લેવા માટે સૌ થનગનતા હોય છે અને લાભ લેતા હોય છે. તો આમ, નિસર્ગોપચારનો પ્રચાર કરવાની અમારી પદ્ધતિ નિરાળી, ખૂબ સરળ અને ખૂબ આત્મીય છે; કોઈને ખબર પણ ન પડે કે અમે નિસર્ગોપચારનો પ્રચાર કરી રહ્યા છીએ. તેથી તમને પણ એ વાતની ખબર પડતી નહીં હોય તે સ્વાભાવિક છે. તે જોવા માટે તમારે અમારા જીવનને પ્રેમપૂર્વક અને ઊંડા અભ્યાસપૂર્વક અવલોકવું જોઈએ.

કડી તાલુકાના ખાખરિયા ટપ્પાનાં બેંતાલીસ ગામોમાં પહેલાંના સમયમાં અમારે વિચરવાનું બહુ થતું. અત્યારે તો હવે તબિયત નરમગરમ રહેવાના કારણે અને બીજી ઘણી લોકસંગ્રહની પ્રવૃત્તિઓના કારણે ફરવાનું સાવ ઓછું થઈ ગયું છે. પરંતુ એ વખતે જ્યારે ફરતા ત્યારે દરેક ગામમાં નિસર્ગોપચારનો પ્રચાર કરતા. એ દરેક ગામમાં એકાદ-બે ઘર અને અમુક અમુક વ્યક્તિ એવાં હશે કે જેને અમે નિસર્ગોપચાર દ્વારા સાજાં કરેલાં. ત્યાં ગામડામાં તો ઉપચાર માટે બીજી કંઈ વસ્તુઓ મળે ? તો મોટા ભાગે ઉપવાસ; ઉપવાસમાં લીંબુ અને મધનું પાણી, ક્યાંક મગનું ઓસામણ, ક્યાંક એનિમા વગેરેનો ઉપયોગ કરતા અને લોકોને એ રીતે સાજા કરતા. અને લોકો ઉત્સાહથી આ ઉપચારને અપનાવતા. ગામડાના માનસને કારણે એનિમા લેવામાં લોકોને બહુ સંકોચ થતો એટલે તેમાં જરા સંભાળીને કામકાજ લેવું પડતું. પણ કહેવાની મતલબ એ કે વર્ષો સુધી અમે આ રીતે અનેક ઘરોમાં, અનેક ગામોમાં નિસર્ગોપચારનો પ્રચાર ખૂબ કરેલો છે, નિસર્ગોપચારનો લાભ લોકોએ ખૂબ લીધેલો છે અને એ વાતો લોકો હજુ પણ ખૂબ ખૂબ યાદ કરે છે. નિસર્ગોપચાર બાબતની અમારા સાવ બચપણની અમુક અમુક વાતો અમને અત્યારે યાદ આવી રહી છે.

અમારા મામા નિસર્ગોપચારક હતા. તેઓ ખંડેરાવપુરા અને કલ્યાણપુરામાં ખૂબ રહેલા. અમારે અવારનવાર મોસાળમાં જવાનું થતું. ખંડેરાવપુરાની વાત યાદ આવે છે. નિસર્ગોપચારકો એનિમાનો પણ ઉપયોગ કરે છે. એક વાત નીંધનીય છે એટલે અહીં જણાવી રહ્યા છીએ કે અમારા મામા તો ગાય અને ભેંસને પણ એનિમા આપતા. તેમણે પશુઓને એનિમા આપવા માટે એક મોટો ડબો રાખેલો અને એ ડબાના આગળના ભાગમાં રબરની નળીની જગ્યાએ સાયકલની ટ્યુબ ચડાવેલી અને ટ્યુબમાં નોઝલ તરીકે લગભગ એક ફૂટની એક મોટી સીસમની નળી બનાવેલી. ગામમાં કોઈ ખેડૂતને ત્યાં ગાય કે ભેંસને શારીરિક તકલીફ થઈ હોય કે પેટપીડા ઊપડી હોય ત્યારે એ લોકો તરત જ અમારા મામાને બોલાવવા આવે. મામા એનિમાનું સાધન લઈ તેમની સાથે જવા તૈયાર થઈ જાય. અમને પણ સાથે લેતા જાય. તે વખતે અમે સાવ નાના, ટેણિયા. ગાય-ભેંસ જે સ્થળે બીમાર પડી હોય ત્યાં ગમાણમાં કે જ્યાં બાંધી હોય ત્યાં ભીંત જેવું તો કાંઈ હોય નહીં. સામાન્યપણે ભીંતમાં જ્યાં ખીલી હોય ત્યાં એનિમાનું ડબલું લટકાવાય. પણ ગાય-ભેંસ જ્યાં બીમાર પડી હોય ત્યાં આજુબાજુ ભીંત હોય નહીં. અમે ત્યાં જઈએ પછી મામા ડબલામાં પાણી નાખે. ડબલું લટકાવવાની જગ્યા ન હોય એટલે પાણી ભરેલું મોટું ડબલું મામા અમને પકડાવે. બે હાથ ઊંચા કરી અમે ડબલાને ઊંચું પકડી રાખીએ અને મામા ગાય-ભેંસના મળદ્વારમાં પેલી સીસમની નળી પ્રવેશાવે અને એમાં પાણી ચડાવવા માંડે. ગાય-ભેંસને તો પેટમાં અસહ્ય પીડા હોય એટલે એ તો જમીન ઉપર તરફડતી હોય, પગ ઘસતી હોય. વળી માણસને આપણે એનિમા આપીએ ત્યારે પાણી નીકળવાનો પ્રયત્ન કરતું હોય તોય મનુષ્ય પોતાના આંતરિક પ્રયત્ન દ્વારા એ પાણીને થોડો સમય રોકી રાખે, પણ ગાય કે ભેંસને તો એવી કાંઈ ખબર ન પડે. તેથી એ પશુથી તો પાણી રોકાય નહીં. એટલે જ્યાં મળદ્વારમાં થોડું પાણી ચડે ત્યાં તે પાણી સેડ મારતું પાછું બહાર નીકળે. પાણીની સાથે છાણ પણ હોય. અમે બાજુમાં ડબલું ઊંચું પકડીને ઊભા હોઈએ તે એ

છાણ અને પાણીથી અમે નાહી રહીએ. અમારાં અને મામાનાં કપડાં છાણ-છાણ અને પાણી-પાણી થઈ જાય. ઘાણું ત્રાસી જવાય. હાથમાંથી ડબલું જાણે હમણાં પડી જશે એમ લાગ્યા કરે. અમારું મોઢું જરા બગડે અને અમે ઊંહકારા કરવા માંડીએ ત્યારે મામા કડકાઈથી અમારી સામે જુએ, એટલે વળી પાછા અમે કડક થઈ જઈએ અને ડબલું ઊંચું પકડી રાખીએ. આમ થોડી જ વારમાં ખાસું એવું છાણ અને પાણી નીકળી જાય એટલે એ પશુને તો પેટપીડા એકદમ શાંત થઈ જાય. એ તો ઊભું થઈ અને વાગોળવા લાગે. અમે અમારો સરસામાન સંકેલી અને ઘેર પાછા આવતા રહીએ.

આમ, અમારા નિસર્ગોપચારના શ્રીગણેશ તો વર્ષો પહેલાં બચપણમાં જ મંડાઈ ગયેલા. અમે તેમાં એમ ને એમ થોડે-થોડે થોડે-થોડે આગળ વધતા જ ગયા, વધતા જ ગયા. હમણાં છેલ્લા બાર મહિનાથી નિસર્ગોપચારનાં ખૂબ પુસ્તકોનો સ્વાધ્યાય તાજો થઈ રહ્યો છે. અમારા અંગત પુસ્તકાલયમાં નિસર્ગોપચારનાં ઘણાં બધાં પુસ્તકો છે - શરાણપ્રસાદજીનાં બધાં પુસ્તકો, થોડાં વિઠ્ઠલદાસ મોદીનાં, જનકીશરાણ વર્માનાં, કૃષ્ણ વર્માનાં, એડોલ્ફ જસ્ટનાં, બર્નાર્ડ મેથેડોનનાં, લુઈ કુનેનાં, ભૂપતરાય દવેનાં, રમાણલાલ એન્જિનિયરનાં વગેરે લેખકોનાં અનેક પુસ્તકો છે. અમે હાલમાં તે પુસ્તકોનો રસપૂર્વક અભ્યાસ કરી રહ્યા છીએ. પુસ્તકોમાં જે વિરોધાભાસવાળાં લખાણો હોય તેનો પણ અમે ઊંડાણપૂર્વક અભ્યાસ કરીએ. અમારા પુસ્તકાલયમાં તપાસ કરતાં કરતાં ઈ.સ. ૧૯૩૬ની સાલની "આરોગ્ય" સામયિકની બે-ત્રણ ફાઈલો નીકળી, જે માસિક રમાણલાલ એન્જિનિયર પ્રગટ કરતા. એ સામયિકો તપાસતા'તા ત્યાં એકમાં "હું નિસર્ગોપચાર તરફ કઈ રીતે વળ્યો?" એ શીર્ષક જોયું. મનમાં થયું કે કોણ લેખક હશે એ તો જોવા દે. લેખકનું નામ જોયું તો અમે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. લેખકનું નામ હતું 'પેન્ટર પ્રાણલાલ જગજીવન - ખંડેરાવપુરા !' અરે તમારો ભલો થાય ! આ તો અમારા મામા !! ખંડેરાવપુરા અમારું મોસાળ. અને એ દર્દી તરીકે કોણ ? અમારાં બા ! અમારાં બાને મગજનો રોગ હતો. વધુ પડતો કોઈ હરખનો પ્રસંગ હોય કે વધુ પડતો કોઈ શોકનો પ્રસંગ હોય ત્યારે એમનું મગજ અસ્થિર થઈ જતું. એટલા માટે થઈને મામા અમારાં બાને કલ્યાણપુરા લઈ ગયેલા. એ વખતે તેઓ કલ્યાણપુરા રહેતા. ત્યાર પછી તો વર્ષો બાદ આ લેખ વાંચી કલ્યાણપુરાની બધી વાતો અમને યાદ આવી ગઈ.

તે વખતે અમે સાવ નાના. કલ્યાણપુરા ગામની બહાર લીંબુની એક વાડી. એ વાડીમાં જવાસાની ટટ્ટીની એક ઝૂંપડી બનાવેલી. તેમાં બાને રાખતા. અમે આખો દિવસ ઝૂંપડીને પાણી છાંટ્યે રાખતા. બાજુમાં જ એક મોટો કૂવો હતો. કૂવામાં કોસ ચાલતો હોય અને કોસનું પાણી બાજુના થાળામાં પડતું હોય. મામાએ અમારાં બાને, જેટલી વાર થાળામાં ન્હાવું હોય એટલી વાર ન્હાવાની છૂટ આપેલી. પરંતુ બા કૂવામાં ન પડી જાય તેની કાળજી રાખવી પડે. આમ, બાને કુદરતી ઉપચારથી મામાએ સાજાં કરેલાં.

વળી થોડા દિવસો પહેલાં અમે એડોલ્ફ જસ્ટનું પુસ્તક વાંચતા'તા. એ વાંચતાં વાંચતાં મામા સાથે બચપણમાં વિતાવેલા દિવસોનો આખો ચિતાર નજરે ચડ્યો. મામા વહેલી સવારે ચાર વાગે ઊઠીને બહાર ખેતરમાં જતા. ખેતરમાં લગભગ પાંચ-પાંચ ફૂટ ઊંચા કપાસ ઊભેલા હોય. ખેતરની વચ્ચે મામાએ સાત ફૂટ લાંબી અને ત્રણેક ફૂટ પહોળી જગ્યા બનાવેલી અને તેમાં રેતી પાથરેલી. આજુબાજુ ઊંચો કપાસ અને વચ્ચે આ રેતીવાળી જગ્યા. મામા વહેલી સવારે ખેતરમાં જઈ રેતીમાં નગ્નાવસ્થામાં સૂઈ જતા. એડોલ્ફ જસ્ટનું પુસ્તક વાંચતાં વાંચતાં આ વાતની યાદ આવી ગઈ. આ બધાં પુસ્તકો અમે બચપણમાં અને જુવાનીમાં ખૂબ વાંચી નાખેલાં. અત્યારે ફરીફરીને એ પુસ્તકો વાંચી રહ્યા છીએ ત્યારે તેમાં પહેલાં અમે જે જૂની નોંધો કરેલી એ બધી વાતો યાદ આવે છે. અત્યારે બચપણની એ વાતો એકદમ તાજી થઈ કે મામા સ્નાન કર્યા પછી બિલકુલ દિગંબર અવસ્થામાં સૂર્યપ્રકાશમાં આંટા મારતા. અમુક એવી જગ્યા હોય કે જ્યાં કોઈ મનુષ્યની અવરજવર ન હોય ત્યાં આંટા મારે. તે વખતે અમે સાવ નાના. અમે કુતૂહલવશ બધું જોયા કરીએ. તો ઈ.સ. ૧૯૩૬ની સાલનો "આરોગ્ય"

સામયિકમાં પ્રગટ થયેલો મામાનો એ લેખ વાંચીને ખૂબ આનંદ થયો અને એ બધું તાજું થયું.

અમારી ઉંમર લગભગ ૧૫-૧૬ વર્ષની હશે એ અરસામાં અમે નિસર્ગોપચારક બનવાનો વિચાર કરેલો. તે માટે વિઠ્ઠલદાસ મોદીના ગોરખપુરવાળા આરોગ્યમંદિર નામના નિસર્ગોપચાર કેન્દ્રમાંથી અમે ફૉર્મ મંગાવેલાં અને એ ફૉર્મ ભરીને ફી સાથે કેન્દ્રમાં મોકલી આપેલાં. પરંતુ આરોગ્યમંદિરમાંથી મંજૂરી આવી ગયા પછી બધા વડીલોએ વિચારી કરીને અમને જણાવ્યું કે, "ભાઈ ! તમે તો હિન્દી ભાષા જાણતા નથી અને કેન્દ્રમાં તો બધું કામ હિન્દીમાં ચાલે છે, તો તમને મુશ્કેલી પડશે." તેથી અમે ગોરખપુર જવાનું માંડી વાળ્યું અને ત્યાં લખી નાખ્યું એટલે ત્યાંથી પૈસા પણ પાછા આવી ગયા. તેમાંનાં થોડા દિવસો પહેલાં જ અમારા સ્નેહી શ્રી ગુરુદેવપ્રસાદ (સાબરમતીવાળા) અને શ્રી કાંતિભાઈ પટેલ, એ બંનેને પૂછ્યું ત્યારે તેમણે અમને જણાવેલું કે "શ્રી વિઠ્ઠલભાઈ મોદી હજી જીવે છે, લગભગ નેવુંની આસપાસ પહોંચી ગયા હશે."

તો આમ, બધી જૂની જૂની વાતો અત્યારે યાદ આવી રહી છે અને આપે પ્રશ્ન કર્યો કે "અમે નિસર્ગોપચારનો પ્રચાર કેમ નથી કરતા?" તેથી આ બધી વાતો અમારે તમારા કાને નાખવી પડી કે -

ભાઈ ! નિસર્ગોપચારનો પ્રચાર કરવાની અમારી પદ્ધતિ સાવ નિરાળી છે, સાવ સહજ છે. આચરણ કરનારને ખબર પણ ન પડે એ રીતે તેની પાસે એ પદ્ધતિનું આચરણ અમે કરાવી નાખીએ અને એનો લાભ તેને મળી જાય. અમારા ઘરમાં અમારા મોટાભાઈ પણ નિસર્ગોપચારમાં ખૂબ માનવાવાળા. આ બધાં પુસ્તકોના સેટના સેટ બધા મોટાભાઈના જ વસાવેલા છે. તેમાં અમુક અમુક પુસ્તકો મામાએ તેમને ભેટ આપેલાં, એ પણ છે. અત્યારે અમારાં બાની બીમારીની બીજી પણ એક વાત યાદ આવે છે.

બાની મગજની અસ્થિર અવસ્થામાં એક વખત બાએ અગ્નિમાં હાથ નાખી દીધેલા. દાઝી જવાના કારણે તેમના હાથનાં આંગળાં એવાં બળી ગયેલાં કે સીધાં જ રહે, વળી શકે જ નહીં. તેના ઉપચાર માટે અમે બાને ઉરુલીકાંચન લઈ ગયેલા. અમે અને અમારા મોટાભાઈ તે વખતે મુંબઈમાં રહેતા હતા. બાને સારવાર માટે ઉરુલીકાંચનમાં છ મહિના રાખવાં પડેલાં. એ નિમિત્તે ત્યાં અમારે બાની સાથે જ રહેવાનું થયેલું. એ વખતે ત્યાં ડૉક્ટર તરીકે શ્રી શરણપ્રસાદજી હતા. તેમની સાથે પણ ખૂબ પ્રેમ થયો. તેઓ પછી અવારનવાર અમદાવાદ આવે ત્યારે બેએક દિવસ આપણે ઘેર આવતા. ઉરુલીકાંચનમાં શ્રી કૃષ્ણચંદ્રજી, શ્રી બાલકોબા ભાવે અને શ્રી શિવાજીરાવને મળવાનું થયું. બાલકોબાજી અને શિવાજીરાવ વિનોબાજી ભાવેના નાના ભાઈઓ થાય. હોશિયારીબેન વગેરેને પણ ખૂબ મળવાનું થયું. પરંતુ અહીં કહેવાનો મુદ્દો એ છે કે બાને તેમનાં આંગળાં વળતાં થાય એટલા માટે નિસર્ગોપચારના ઉપચાર શરૂ કરેલા. ઉરુલીકાંચનમાં બાના ઉપચાર માટે ભીની માટીનો રોટલા જેવડો ૪-૫ ઈંચ જાડો પીંડો-પોટીસ બનાવતા અને તેના ઉપર બાના બેય હાથના પંજા રખાવતા. લગભગ ત્રીજા મહિને તેમની એક આંગળી સીધીનીચી થવા માંડી અને પાંચ મહિને તો બા મુઠ્ઠી વાળતાં થઈ ગયાં. પછી ઘરે આવીને એ હાથથી તેમણે બાજરાના રોટલા પણ બનાવેલા.

અહીં માણીનગરમાં 'ધર્મમિત્ર'માં પણ અમારા મોટાભાઈ નિસર્ગોપચારમાં માનતા હોવાના કારણે નિસર્ગોપચારનો જ પ્રયોગ વધુ કરતા. એક વખત મોટાભાઈના મોટા દીકરા હરીશને વીંછી કરડ્યો. મોટાભાઈએ એ જોયું એટલે તરત જ એક બાલટીમાં માટી પલાળી દીધી અને હરીશના પગમાં જ્યાં વીંછી કરડ્યો તો એ ભાગ માટીમાં ડુબાડી દીધો. લાંબા સમય સુધી એ પગ માટીમાં રહેવાના કારણે વીંછી ચડ્યો જ નહીં અને એના ડંખની પીડા જ ન થઈ અને એ બધું ઝેર માટીમાં શોષાઈ ગયું, ચુસાઈ ગયું.

નિસર્ગોપચારના અમારા અમારી જાત પરના પણ અનેક અનુભવો છે. ત્રણ વર્ષ સુધી અમે અમૃતાન્ન પર રહેલા. અમૃતાન્ન એટલે અગ્નિનો સ્પર્શ થયા વિનાનું જ ખાવાનું. સાત-સાત ઉપવાસના પ્રયોગો અમે અવારનવાર કરતા. એક વખત પચીસ-ત્રીસ દિવસનો

દ્રાક્ષકલ્પ કરેલો; એટલે કે ફક્ત દ્રાક્ષના રસ ઉપર જ રહેવાનું. એક વખત સાત દિવસનો દ્રાક્ષનો પ્રયોગ કરેલો. આમ, આ શરીર ઉપર નિસર્ગોપચારના અનેક પ્રયોગો થયેલા છે અને હજુ પણ થઈ રહ્યા છે.

તો ભાઈ! તમે જે કહ્યું કે 'આપ નિસર્ગોપચારના ખૂબ પ્રેમી છો અને ઊંડા અભ્યાસી છો તો નિસર્ગોપચારનો પ્રચાર કેમ નથી કરતા?' તો, એના જવાબરૂપે આ થોડી થોડી ઉપરછલ્લી વાતો, જેટલી યાદ આવી તેટલી કરી. અમને લાગે છે કે આટલી વાતોથી તમારા મનનું સમાધાન થઈ જશે. વળી સમય આવ્યે વધુ વિસ્તારથી કહેવાનો પ્રયત્ન કરીશું. અસ્તુ.

આ પ્રકરણ શરૂ થયું છે એટલે બીજાં પણ અનેક જૂનાં સંભારણાં મગજમાં ચમકી રહ્યાં છે, ઊભરાઈ રહ્યાં છે. થોડાં થોડાં તે પણ અહીં પ્રગટ કરવાનો પ્રયત્ન કરીએ જેથી "જીવનગાથા"ના પ્રેમી વાચકોને વધુ આનંદ અને સંતોષ થશે.

અમારા મામા કેવળ નિસર્ગોપચારક હતા એટલું જ નહીં પરંતુ તેમનામાં બીજા પણ ઘણા ગુણો હતા. તેઓ પોતે સારા એવા મનોવૈજ્ઞાનિક હતા. અમારાં બાની બીમારીમાં તેઓ નિસર્ગોપચારની સાથે સાથે મનોવૈજ્ઞાનિક ઉપચારો પણ કરતા. બાને હનુમાનજીમાં બહુ પ્રેમ અને શ્રદ્ધા. તેથી મામા એક વખત હનુમાનજીની વેશભૂષામાં, હનુમાનજીના સ્વરૂપમાં બાની સામે પ્રગટ થયેલા. આ કિસ્સો "કુતમ્ભરા"ના વાચકોથી અજાણ નથી. 'હનુમાન-દર્શન'નો એ કિસ્સો અગાઉના અંકમાં પ્રગટ થઈ જ ગયો છે. વળી મોટાભાઈની આંગળીએ જ્યારે ઘા પડ્યો અને આંગળી પાકી અને તેની અસહ્ય વેદના થઈ, ત્યારે તેમને હોસ્પિટલે લઈ ગયા, તેમની વેદનાયુક્ત ચીસો સાંભળી તેમના મિત્ર બેભાન થઈ ગયા, હોસ્પિટલમાંથી ઘેર આવી ગયા બાદ મામાએ પાણીના પોતાં મૂકીને તેમની આંગળીનો ઘા કેવી રીતે મટાડ્યો - આ બધી વાતો પણ તમે સૌ અગાઉ વાંચી જ ચૂક્યા છો, સાંભળી જ ચૂક્યા છો.

ખંડેરાવપુરામાં અમારા સૌ માટે એનિમા લેવાનું સ્થળ હતું ગામનો કૂવો, જે ગામની બહાર મહાદેવના મંદિર પાસે આવેલો છે. કૂવાની આગળ એક થાળું. દિવસે જ્યારે કોસ ચાલતો હોય ત્યારે કોસમાં પાણી ભરાઈ, કોસ ઉપર આવી અને તેમાંનું પાણી એ થાળામાં ઠલવાય. થાળામાંથી એ પાણી આગળ વધે. રાત્રે જ્યારે કોસ બંધ હોય ત્યારે કૂવાનું એ થાળું ખાસ્સું મજાનું કામમાં આવે એવું હોય. અમે કુદરતી ઉપચારના પ્રેમીઓ રાત્રે એનિમા લેવા આ જગ્યાએ આવી જતા. બસ્તીનું ડબલું, એક બાલટી, દોરડું અને એકાદ-બે પાણીના ડબલાં સાથે લઈ જઈએ. સાંજ પછી થોડું થોડું અંધારું થઈ ગયું હોય. એ વખતે ત્યાં કોઈ માણસ હાજર ન હોય, છતાં સાવચેતીરૂપે એક-બે જણને બહાર ઊભા રાખીએ જેથી અચાનક કોઈ આવી ન જાય. જેને એનિમા લેવી હોય તે થાળામાં બેસે અને ડબલાને કોણ ચલાવવા માટેના લાકડાં હોય તેના ઉપર લટકાવે અને એનિમા લઈ લે. એનિમા લઈને તરત જ પાણીનું ડબલું ભરીને દિશા-જંગલે જાય. બાજુમાં વગડો, એમાં કોઈ હોય નહીં. તો આમ, અમારા સૌ માટે એનિમા લેવાનું સ્થાન એ ગામનો કૂવો હતું. તે કૂવો જોઈએ ત્યારે અત્યારે પણ બચપણની એ વાત તાજી થાય છે.

થોડા સમય પહેલાં સોલામાં પ્રકૃતિપ્રેમી પરિવાર તરફથી નિસર્ગોપચારની દસ દિવસની શિબિર હતી. તેના મુખ્ય સંચાલક શ્રી વરધીભાઈ ઠક્કર હતા. તેઓ એ શિબિર નિમિત્તે અમને મળવા આવ્યા. તેઓ કહે, "આપની તબિયત નરમગરમ રહે છે એ મેં સાંભળ્યું છે એટલે મને એમ થયું કે હું આપને શિબિરમાં લઈ જઉં અને આપની સેવાનો થોડો લાભ લઉં. આ ઇચ્છાથી હું આપની પાસે આવ્યો છું." પછી એ અનુસંધાનમાં ઘણી બધી વાતો થઈ. એ વખતે અમારો નિસર્ગોપચારનો સ્વાધ્યાય ચાલુ જ હતો અને અત્યારે પણ ચાલુ જ છે. અમે વરધીભાઈને અમારા રૂમમાં લઈ ગયા અને જે ખુરશીમાં અમે બેસીએ છીએ એની ફરતે પાથરેલાં બધાં પુસ્તકો બતાવ્યાં અને કહ્યું કે -

જુઓ! આટલાં પુસ્તકો તો અમારી સામે જ પડેલાં રહે છે. ગમે ત્યારે ગમે તે પુસ્તક ઉઠાવીએ; જોવા માટે થઈને, વાંચવા માટે થઈને, ચિંતનમનન કરવા માટે થઈને. આ સિવાયનાં બીજાં પુસ્તકો અંદરની રૂમમાં રહેલા કબાટમાં

છે. વળી આ સામે જે કબાટ રહ્યો તેમાં બધા ગ્રંથો યોગના છે. તેમાંનાં બે ખાનાંમાં તો ફક્ત પાતંજલ યોગદર્શનનાં ભાષ્યો ઉપરનાં જ પુસ્તકો પડેલાં છે. વળી આ આઠ-દસ મોટા મોટા ગ્રંથો આયુર્વેદના છે. તો આમ, અત્યારે પણ આ બધાનો ખૂબ જ ઊંડાણપૂર્વકનો અભ્યાસ ચાલે જ છે. આપ મમતાપૂર્વક અમને આમંત્રણ આપવા આવ્યા છો, આપની ઇચ્છા અમારી સેવા કરવાની છે - સેવાનો લાભ લેવાની છે; અને આપ આશા રાખો છો કે આપની શિબિરમાં અમે આવીને, ત્યાંના નિયમ પ્રમાણે આહારવિહાર કરીને જલદી જલદી આરોગ્ય પ્રાપ્ત કરીએ. આ બદલ આપનો ખૂબ ખૂબ આભાર છે, આપને ખૂબ ખૂબ ધન્યવાદ છે. પરંતુ આપની શિબિરમાં અમારે જે કાંઈ કરવાનું છે તે બધું અમે અહીં ઘેર રહીને પણ કરીએ જ છીએ. શું નથી કરતા? આટલા ટાઇમથી માટીપટ્ટી ચાલુ છે, આટલા ટાઇમથી કમરસ્નાન ચાલુ છે, આટલા ટાઇમથી કાચાં શાકભાજી ખાઈએ છીએ, આટલા ટાઇમથી આ કરીએ છીએ અને આટલા ટાઇમથી તે કરીએ છીએ; એમ કાંઈ-કશું બાકી જ નથી રાખ્યું. તદ્‌ઉપરાંત આ બધાં પુસ્તકોમાં પણ કયા કયા અપવાદો છે તે વિષે પણ ખૂબ ખૂબ ચિંતનમનન ચાલે છે.

ઉપરોક્ત બધી વાતો સાંભળીને વરધીભાઈ તો એકદમ આભા જ થઈ ગયા. અમે થોડા સમય પહેલાં વીસેક દિવસ માટે નિસર્ગોપચાર કેન્દ્રમાં સારવાર માટે રહી આવેલા. ત્યાંના અમારા અનુભવોની વાતો પણ અમે તેમને કરી. ત્યાં વીસ દિવસ દરમ્યાન અમે "નિસર્ગોપચારને વ્યાપક અર્થમાં સમજીએ" નામનો એક લેખ પણ લખેલો કે જે નિસર્ગોપચારના પ્રેમીઓ માટે અતિ મહત્ત્વનો છે. તો, આવી ઘણી બધી વાતો તેમની સાથે થઈ. તેઓ એટલા બધા ખુશખુશાલ થઈ ગયા, એટલા બધા આશ્ચર્યમુગ્ધ થઈ ગયા કે હાથ જોડી અને અતિ વિનમ્રપણે કહેવા લાગ્યા કે "સ્વામીજી ! હું તો આપને વિનંતી કરવા આવ્યો હતો. મને એ ખબર નહોતી કે આપ આ વિષયમાં આટલા બધા ઊંડા ઊતરેલા છો. હું તો આપને એક આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જ ઓળખતો હતો. આપ અગાઉની અમારી બે શિબિરમાં પધારેલા. એ વખતે પણ આપના આધ્યાત્મિક પ્રવચનનો લાભ અમને મળેલો. તે સમયથી અમારા મનમાં તો આપની છાપ એક આધ્યાત્મિક સંત તરીકેની જ હતી. આપ નિસર્ગોપચારના આટલા ઊંડા અભ્યાસી છો તેનો તો મને ખ્યાલ જ નહોતો. આ બધું નજરે જોઈ મારા મનમાં એક સ્ફુરણા થાય છે. મને એમ લાગી રહ્યું છે કે આપના દ્વારા જગતને ઘણું બધું પ્રાપ્ત થાય તેવી શોધ થવાની છે."

તો, આ પ્રમાણેના તેમના પ્રેરક ઉદ્‌ગારો સાંભળીને અમે પણ ભાવવિભોર થઈ ગયા. તેઓને શિબિરની તૈયારી કરવાની હતી તેથી તેમની પાસે સમય તો હતો જ નહીં છતાંપણ અમારા તરફના પ્રેમના કારણે તેઓ સમય કાઢીને આવેલા. તેમને જવાની તો ઉતાવળ હતી જ પણ તોય પાછા વિનંતી કરતા ગયા કે "આપ એક દિવસ સૌને લાભ આપો. આપના અનુભવના નિચોડરૂપે આપને જે કાંઈ કહેવાનું હોય તે અંગેનું આપનું પ્રવચન ગોઠવીએ." અમે કહ્યું કે આપને ઇચ્છા હોય તો પ્રવચન રાખો. તે દિવસે અમારી તબિયત બરાબર હશે તો અવાશે. તમે અગાઉથી દિવસ નક્કી કર્યો હોય અને અમે પણ સંમતિ આપેલી હોય પણ તે દિવસે તબિયત બગડે તો અમારાથી ના પણ આવી શકાય. જો કે વરધીભાઈ તો પ્રવચન ગોઠવવાનું નક્કી કરીને જ ગયા. બે દિવસ પછી તેમનો ફોન આવ્યો અને અમને અમારા પ્રવચનના દિવસની તારીખ જણાવી. વળી તેઓએ પ્રવચન માટેનો વિષય પણ માગ્યો. અમે તેમને કહ્યું કે અમે વિદ્વાન તો નથી કે અમુક વિષય ઉપર જ બોલીએ પણ 'પ્રસંગને અનુરૂપ પ્રેરક વાતો' એવો વિષય રાખો. તેઓએ હા પાડી અને પ્રવચનનો કાર્યક્રમ નક્કી થઈ ગયો. ત્યાર બાદ ત્રણેક દિવસ પછી અમારી તબિયત ખૂબ નરમ થઈ ગઈ. હજી વરધીભાઈને આપેલ તારીખને ચાર-પાંચ દિવસની વાર હતી પરંતુ અમને એમ લાગ્યું કે અમારી તબિયત નરમ જ રહે તો અમે શિબિરમાં હાજર ન રહી શકીએ. વેળાસર આ વાત તેમને જણાવવા માટે ફોન કર્યો અને કહ્યું કે અમારી વધુ નરમ તબિયતના કારણે અમે ન આવી શકીએ એમ લાગે છે. આ વાતની આપને જાણ કરી દઈએ તો આપ પ્રવચન માટે બીજા માણસની ગોઠવણ કરી શકો ને. તેઓ કહે કે "ના ગુરુજી, આપ જરૂર આવી શકશો. અમે ભગવાનને

પ્રાર્થના કરીએ છીએ કે આપની તબિયત ઝડપથી સારી થઈ જાય.'' અમે કહ્યું કે એ તો સારી વાત છે અને અમે પણ પ્રાર્થના કરીએ છીએ પણ આ તો તમને જણાવી દીધું. હવે તબિયત જેવી હશે તે પ્રમાણે થશે. પછી તો પ્રવચનનો દિવસ પણ આવી ગયો. અમે તેમને ફોન કરી નાખ્યો કે તબિયત ઠીક લાગે છે તેથી અમે તમારા કાર્યક્રમમાં આવીશું અને ભગવાન જે કાંઈ બોલાવશે તે થોડા સમય સુધી બોલીશું. આ રીતે તમારી સૌની સાથે આનંદ કરીશું.

અમારા પ્રવચનનો દિવસ આવી ગયો. તે દિવસે અમે શિબિરમાં સમયસર પહોંચી ગયા. સૌએ ખૂબ ભાવવિભોર થઈને અમારું સન્માન કર્યું. શિબિરાર્થીઓ તરીકે મોટા ભાગે નિસર્ગોપચારના ડૉક્ટરો, પ્રોફેસરો, એન્જિનિયરો વગેરેનો વર્ગ હતો, મોટા ભાગે સૌ ઉંમરલાયક પણ હતા. એક પ્રોફેસર સાહેબે સૂતરની આંટી પહેરાવીને અમારું સ્વાગત કર્યું. ત્યારબાદ વરમીભાઈએ ઊભા થઈને અમારો થોડો પરિચય આપ્યો. પરિચય આપતાં આપતાં તેઓ ભાવવિભોર થઈ ગયા અને થોડા શબ્દોમાં કહ્યું કે ''ગુરુજીના અનુભવોનો ખજાનો - ખજાનો કહું કે ભંડાર કહું, શું કહું ? - ભરપૂર છે. એનો લાભ આપણને આજે મળી રહ્યો છે. તેઓની તબિયત ખૂબ નરમ હોવા છતાં આજે આપણા પ્રેમના કારણે તેઓ હાજર રહ્યા છે.'' પ્રવચનનો પ્રારંભ કરતાં પહેલાં અમે શ્રી વરમીભાઈનું ગરમ શાલ ઓઢાડીને સન્માન કર્યું અને કહ્યું કે નિસર્ગોપચારના સમસ્ત પ્રેમીઓના પ્રતિનિધિ તરીકે અમે આપનું સન્માન કરીએ છીએ.

પછી થોડા બીજા મુદ્દા ચર્ચાયા. એક મુદ્દો એ નીકળ્યો કે દરેક પથીના વિશેષજ્ઞો પોતાની પથીમાં જ વિશેષજ્ઞ હોય છે. બચપણથી જ તેમણે એ પથીમાં રસ લીધો હોય છે; નેચરોપથીવાળાએ નેચરોપથીમાં, એલોપથીવાળાએ એલોપથીમાં, હોમિયોપથીવાળાએ હોમિયોપથીમાં, આયુર્વેદવાળાએ આયુર્વેદમાં. તેઓ પહેલેથી જ પોતાની પથીમાં રસ લેતા રહ્યા હોય તેથી પોતાની પથીમાં શું શું છે અને કઈ કઈ વિશેષતા છે તેની જ તેમને ખબર હોય. બીજી પથીઓમાં શું છે તેની તેમને ખબર જ ન હોય તેથી પોતાની પથી જ ઉત્તમ અને બીજી બધી પથીઓ બરાબર નહીં તેવી તેમની એક દૃઢ માન્યતા થઈ ગઈ હોય છે, એવા એમને પૂર્વગ્રહો બંધાઈ ગયા હોય છે. કોઈને પોતાની પથી સિવાય બીજી પથીમાં પણ શું શું વિશેષતા છે એની ખબર હોતી નથી અને બધી પથીઓમાં શું શું છે એવી ખબર રાખવાવાળા તો ખૂબ ખૂબ ઓછા હોય છે. આ વાતને સમજવા સાત આંધળા અને હાથીનું દૃષ્ટાંત જોઈએ. હાથી કેવો છે એ જાણવા માટે સાત આંધળાઓ વારાફરતી હાથીના શરીર ઉપર હાથ ફેરવે છે. તો જેણે સૂંઢ ઉપર હાથ ફેરવ્યો તેણે કહ્યું કે હાથી તો સાંબેલા જેવો છે, જેણે કાન ઉપર હાથ ફેરવ્યો તેણે કહ્યું કે હાથી તો સૂપડા જેવો છે, જેણે પગ ઉપર સ્પર્શ કર્યો તેણે કહ્યું કે હાથી તો ઝાડના થડ જેવો છે. એમ જેના હાથમાં જે અંગ આવ્યું અને તેનો એને જે અનુભવ થયો તે પ્રમાણે તેમણે વર્ણન કર્યું કે હાથી તો આવો જ છે. પણ આખો હાથી કેવો છે તેની તો કોઈનેય ખબર નહોતી. ખરેખર હાથી કેવો છે તેની સાચી માહિતી તો જે દેખતો માણસ હતો તેને જ હતી. હાથી તો સૂંઢ જેવોય નથી કે સૂપડા જેવોય નથી કે ઝાડના થડ જેવોય નથી, હાથી તો હાથી જેવો છે. તો આમ, જેને હાથીની પૂરેપૂરી માહિતી હોય તેની પાસેથી જ જાણવા મળે કે હાથી ખરેખર કેવો છે. પણ ખૂબીની વાત એ છે કે જેને પૂરેપૂરી માહિતી છે એવા લોકો પોતાની માહિતી જલદી રજૂ કરતા નથી. તેઓ મોટા ભાગે મૌન રહે છે અને જરૂરત પડે ત્યારે જ એ બોલે છે. પરંતુ તેમની મૌન રહેવાની ટેવના કારણે પછી જ્યારે એ ક્યારેક બોલે છે ત્યારે તેમની વાતને કોઈ સાચી નથી માનતું. તેથી પૂર્ણ માહિતીવાળાનો લાભ લોકોને મળતો નથી અને અપૂર્ણ અને એકાંગી માહિતી જેની પાસે છે એ સતત 'પોતાની માહિતી જ સાચી' એ રીતની વાત આપણા મગજમાં ઠસાવવાનો પ્રયત્ન કરતા હોય છે અને તેથી સમાજને જેટલા લાભ મળવાની જરૂર છે તેટલા લાભ મળતા નથી. અસ્તુ.

હિમાલયમાં દિવ્ય દર્શન

લગભગ ૧૯૮૯ ની સાલમાં અમે અલ્મોડા (હિમાલય)ની યાત્રાએ ગયેલા ત્યારનો આ અવિસ્મરણીય

પ્રસંગ છે. યાત્રામાં અમારી સાથે શ્રી નેપથભાઈ વ્યાસ અને શ્રી શૈલેષભાઈ દવે સપરિવાર હતા. અલ્મોડા બસસ્ટેન્ડ પર ઊતર્યા ત્યારે ત્યાં વરસાદ ચાલુ જ હતો એટલે ઠંડી ઠીકઠીક હતી. અમે સૌએ ગરમ કપડાં બરાબર પહેરી લીધાં. સરકારી ગેસ્ટહાઉસમાં ઉતારાની સગવડ થઈ ગઈ. રહેવા-જમવાની બહુ સારી સગવડ હતી.

મુખ્ય ઉતારો એ જ ગેસ્ટહાઉસમાં રાખીને અમે બીજા સ્થળોએ ફરવા જતા. સવારમાં વહેલા મારુતિ વાનમાં નીકળી જતા અને ફરીને રાત્રે ઉતારે પાછા આવી જતા. આમ, એક પછી એક જોવાલાયક સ્થળો જોવાતાં હતાં.

એક દિવસે અમે બીનસર જવા નીકળ્યા, જે લગભગ સાત હજાર ફૂટની ઊંચાઈએ છે. આ યાત્રા દરમ્યાન અમારા બગલથેલામાં પાવરફુલ દૂરબીન અને શ્યામાચરણ લાહિડીજીનું પુસ્તક કાયમ રહેતું. આ પુસ્તક અમે ધ્યાનપૂર્વક વાંચેલું. શ્રી લાહિડી મહાશયને ગુરુ મહાઅવતારબાબાજીની પ્રાપ્તિ આ બાજુનાં સ્થાનોમાં જ થયેલી તેમ વાંચેલું. તેથી ટ્રેક્કીમાં બધે ફરતી વખતે મનમાં સતત એ લાલચ રહેતી કે કદાચ આપણને પણ આજુબાજુમાં ક્યાંક દર્શન થઈ જશે. તેથી ગાડીની આગળની ડ્રાઈવરની સીટની બાજુની સીટમાં જ અમે બેસતા અને ખૂબ સાવધાન અને સતર્ક રહીને દૂર દૂર પથરાયેલા પહાડોમાં લાલચભરી નજર દોડાવે રાખતા. સાથેનાં ભાઈબહેનો તો અંદરોઅંદર પોતપોતાની રીતે આનંદમાં મસ્ત રહેતાં. જે શિખર પર અમે જઈ રહ્યા હતા તે હવે સાવ નજીક જ હતું. અમારી નજર જમણી બાજુ તરફના સંતાકૂકડી રમતા દૂરદૂરના ડુંગરોમાં ફાંફાં મારી રહી હતી. એ વખતે એક દૃશ્ય જોઈને અમે ચમક્યા! ખાસ્સું દૂર એક વિશાળ વૃક્ષ હતું. વૃક્ષ નીચે એક વિશાળ મૂર્તિ બેઠેલી દેખી. બેઠેલી સ્થિતિમાંય તેની ઊંચાઈ લગભગ પાંચ-છ ફૂટ હશે. તેઓશ્રી ઊંચો હાથ કરીને અમને પોતાની પાસે બોલાવી રહ્યા હતા. તેઓ પોતાનો હાથ ઊંચો કરીને અમારી તરફ એવી રીતે હલાવતા હતા કે તેનો અર્થ એવો થાય કે "તમે અહીં આવો." અમારી અને તેમની વચ્ચે ઘણા ડુંગરો હતા. બે ડુંગરોની ટોચની વચ્ચે આ દૃશ્ય દેખાયું. અમે આશ્ચર્યથી જોઈ રહ્યા. અમારી ગાડી તો ગતિમાં જ હતી. એટલે ગાડી આગળ વધતી ગઈ તેમ તેમ તે દૃશ્ય દેખાતું બંધ થયું. ગાડીમાંના બીજા કોઈનું પણ એ તરફ ધ્યાન નહોતું. પાંચેક મિનિટમાં બીનસરનું હોલીડે-હોમ આવ્યું ત્યાં અમારી ગાડી થોભી. હું તો તે વખતે પણ પેલા દૃશ્યને જ વાગોળતો હતો. મને તે વખતે વિચાર આવ્યો કે મૂર્તિ દેખાઈ કે તરત ગાડી કેમ ઊભી ન રખાવી ? ગાડી ઊભી રખાવીને, બગલથેલામાં સાથે ને સાથે જ સતત રાખતા હતા તે દૂરબીનથી જોયું કેમ નહીં ? મગજમાં આવા અનેક વિચારોનો વંટોળ ચડ્યો. ડ્રાઈવરને આ દૃશ્ય વિશે વાત કરી તો તે કહે કે "હશે કોઈ ગોવાળિયો. તેનાં ઢોર માટે પાંદડાં વીણવા આવ્યો હશે." મારા મગજમાં આ વાત ક્યાંથી ઊતરે? કારણકે તે તો આસન લગાવીને બેઠેલી મૂર્તિ હતી. હોટલમાં ઊતરવા માટે પૂછ્યું તો તેમણે ના કહી કારણકે પાણી નહોતું. હોટલના મેનેજરે અમને સાવધાન કરતાં કહ્યું કે "બીનસર સાવ નજીક છે, અંધારું થતાં પહેલાં ત્યાં જઈ આવો. અહીંથી એક-બે માઈલ દૂર, તમે જે રસ્તેથી આવ્યા તે રસ્તા પર બે દિવસ પહેલાં જ એક વાઘે બે માણસને મારી નાખ્યા." તેથી અમે સૌ બીનસર શિખર પર જવા નીકળી પડ્યા.

શિખર પર પહોંચીને આજુબાજુનાં અલૌકિક, દિવ્ય, નૈસર્ગિક દૃશ્યોનું આનંદવિભોર થઈને ખૂબ ગંભીરપણે અવલોકન કર્યું. નિસર્ગનું સાહચર્ય આટલું નજીકથી પામીને-માણીને સૌને સાત્ત્વિક આનંદની હેલી ચડી. આવી હેલીના મોજામાં તરતા-ઉતરાતા અમે સૌ અલ્મોડા પાછા આવવા વળી નીકળ્યા.

મૂળ ઉતારે આવીને જમીપરવારી સૌ સૂઈ ગયા. પણ મને આખી રાત પેલા દૃશ્યના જ વિચારો આવતા રહ્યાં. હું મને પોતાને જ ઠપકો આપવા લાગ્યો કે "એ વખતે ગાડી ઊભી રખાવીને દૂરબીનથી જોવાનું ભાન તને કેમ ન રહ્યું ? દૂરબીન તો એટલું પાવરફુલ હતું કે તેનાથી ઘણે દૂરનાં ઝાડોનાં પાંદડાંની નસો પણ ગણી શકાતી હતી. દૂરબીનથી જોવાથી તે મૂર્તિ વિષે ઘણું બધું જાણી શકાત. ગિરનારમાં જેવી ગફલત થઈ ગઈ હતી તેવી અહીં પણ થઈ ગઈ. બલિયસી કેવલં હરિઇચ્છા. હજુ આપણો અધિકાર પાક્કો નહીં હોય."

બીજે દિવસે અમે આ વાત ત્રિભોવનચંદ પંતભાઈને કરી, કે જેઓ અન્ન અને પુરવઠા ખાતામાં ઈન્સ્પેક્ટર હતા. તેઓ અમારામાં ખૂબ રસ લેતા હતા. રોજે અમારા માટે ટેક્ષીનું પણ તેઓ જ ગોઠવી આપતા હતા. અમે અલ્મોડા આવ્યા ત્યારે બસમાં તેમના નાનાભાઈ અમારી સાથે હતા. તેઓ બસમાં જ, તેમની અમુક તકલીફના કારણે, અમને એક સંત સમજીને અમારા સંપર્કમાં આવેલા. અને આ વાત તેમણે ઘરે જઈને તેમના મોટાભાઈ પંતભાઈને કરેલી. તથી તેમના મોટાભાઈ અમને મદદ કરવામાં આનંદ માનતા હતા. તેઓ શ્રી ગોવિંદ વલ્લભ પંતના સગામાં હતા તેમ તેઓ કહેતા હતા. થોડા દિવસ તેમના ઘરે અમને રાખવાની પણ તેમની ખૂબ ઈચ્છા હતી. આ પંતભાઈ ત્યાંના જ રહેવાસી છે તેથી કાંઈ વધુ જાણવા મળશે તેમ સમજીને અમે મૂર્તિદર્શનની વાત તેમને કરી. અમે કહ્યું કે ડ્રાઈવર તો કહે છે કે તે કોઈ ગોવાળિયો હશે. તો તેઓ કહે, "નહીં નહીં, અત્યારે ગોવાળિયો ન હોય, આ પાંદડાં વીણવાની મોસમ જ નથી. પણ એ બાજુ અઘોર જંગલમાં એક નાનું મંદિર છે એમ મેં પણ સાંભળ્યું છે. ત્યાં કોઈથી જઈ શકાતું નથી.અને જે કોઈ જઈ શક્યા છે તેમની પાસેથી સાંભળ્યું છે કે મંદિરમાં તાજી જ પૂજા-સામગ્રી ચડેલી હોય છે." ઘણાં વર્ષો પછી માઉન્ટઆબુમાં એક સંતને મળવાનું થયેલું, કે જેઓ હિમાલયનાં એવાં જંગલોમાં ખૂબ રહેલા, તેમણે પણ આ વાતની પુષ્ટિ કરેલી કે, "હા, તે મંદિરમાં તાજી જ પૂજા-સામગ્રી (કંકુ, ચોખા, ફળ, ફૂલ વગેરે) ચડેલી હોય છે."

તે મૂર્તિદર્શનનું રહસ્ય તો હજુ એક રહસ્ય જ રહ્યું છે. એમ લાગ્યા કરે છે કે તેઓ શ્રી લાહિડી મહાશયના સદ્‌ગુરુદેવ શ્રી મહાઅવતારબાબાજી તો નહીં હોય ? અમારા મનમાં એમના દર્શનની અખંડ તાલાવેલીના કારણે તેમણે આ રીતે દર્શન આપીને અમારી ઈચ્છા પૂરી કરી હોય. તેઓ અજરઅમર મનાય છે. ભલે નિશ્ચયાત્મકરૂપે નથી કહી શકાતું કે તેઓ કોણ હતા પણ એટલું તો મક્કમપણે કહી શકાય કે તેઓ જે હતા તે, પણ અમારી હિમાલયયાત્રાની અને અમારા મનુષ્યજન્મની સાર્થકતા કરાવનાર કોઈ અલૌકિક, દિવ્ય, અજર, અમર, વિશ્વવિભૂતિ હતા. તેમના કષ્ટભંજન ચરણોમાં આપણા સૌના કોટિ કોટિ વંદન-પ્રણામ, દંડવત પ્રણામ. આ દંડવત્ પ્રણામ લખતી વખતે પણ તે પાંચ-છ ફૂટ ઊંચાઈવાળી બેઠેલી મૂર્તિ, હાથના ઈશારથી અમને પોતાની તરફ બોલાવી રહી છે તે દૃશ્ય માનસચક્ષુ સમક્ષ તરવરી રહ્યું છે, ઝળહળી રહ્યું છે. અને તેમની આસપાસનું અનંત ઝાડપહાડથી ખીચોખીચ ભરેલું નિસર્ગ પણ તાદૃશ્ય થઈ રહ્યું છે. અસ્તુ. ઓમ્...ઓમ્...ઓમ્....

સંતોની નિર્મળતા !
અને
સંતોની અશિષ્ટતા !

૧૯૯૬ની સાલમાં અમે અમેરિકા ગયેલા ત્યારનો એક પ્રેરણાદાયી પ્રસંગ યાદ આવે છે -

ત્યાં અમારો મુખ્ય ઉતારો શ્રી ભરતભાઈ દેસાઈના ત્યાં કરનીં(ન્યુ જર્સી)માં હતો પણ સત્સંગ-સ્વાધ્યાય અર્થે જુદાંજુદાં રાજ્યોમાં ફરવાનું ખૂબ થતું. તે દરમ્યાન કોઈ આધ્યાત્મિક વ્યક્તિઓ વિષે જાણવામાં આવે તો અમે એમને મળવાનો પણ પ્રયત્ન કરતા.

ગાયત્રી પરિવારવાળા શ્રી પ્રણવ પંડ્યાજીનો કાર્યક્રમ કરનીના હિંદુ કોમ્યુનિટી સેન્ટરમાં હતો. તેમના એક ખાસ ભક્ત કે જે અમારા પણ પ્રેમી હતા, તેમના દ્વારા અમને પણ તેમાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું. અમે તે ભાઈ જોડે ત્યાં ગયા. તે વખતે બીજા અનેક ભક્તો શ્રી પંડ્યાજીની આશિષ લેવા માટે લાઈનમાં ઊભેલા હતા. પંડ્યાજી પોતે, બેત્રણ ફૂટ ઊંચા મંચ પર બિરાજમાન હતા અને નીચે દર્શનાર્થીઓની ઘણી લાંબી લાઈન ઊભેલી હતી. અમને લઈ જનાર ભાઈએ અમને કહ્યું કે લાઈન પૂરી થાય પછી આપણે પંડ્યાજીને મળીએ. તેમણે અમને ખુરશી લાવી આપી. તેના પર અમે બેઠા અને લાઈન પૂરી થવાની રાહ જોવા લાગ્યા. લાઈનમાંની વ્યક્તિઓ એક પછી એક પંડ્યાજીનો ચરણસ્પર્શ કરતા હતા અને પંડ્યાજી તેમને કપાળમાં ચાંલ્લો કરીને આશિષ આપતા હતા. લાઈન પૂરી

થઈ જતાં પેલા ભાઈ અમને પંડ્યાજીની પાસે લઈ ગયા અને અમારો પરિચય કરાવ્યો. અમે તેમની સામે હાથ જોડીને ઊભા રહ્યા અને અમારા કપાળમાં તેઓશ્રી ચાંલ્લો કરે અને આશિષ આપે તેની રાહ જોવા લાગ્યા. તે વખતે તેમણે અમને ચાંલ્લો તો ન કર્યો પણ તેમના હાથમાં ચાંલ્લો કરવાની જે વાડકી હતી તે તેમણે અમારા હાથમાં આપી દીધી અને અમને બે હાથ જોડીને, મસ્તક નમાવીને કહેવા લાગ્યા કે "મારે આપના આશીર્વાદ લેવાના છે, આપ મારા કપાળમાં ચાંલ્લો કરો." તેમની આવી નિર્મળતા અને નિખાલસતા જોઈને અમને વાત્સલ્યભાવનો ઉમળકો આવી ગયો અને તેથી અમે તેમને ચાંલ્લો કરીને શુભેચ્છા આપી. તેમને ભેટ આપવા માટે અમે અમારાં પુસ્તકો લઈ ગયા હતા તે અમે તેમને આપ્યા. તેઓ પુસ્તકોને હાથમાં લઈને કહે કે આ બધાં પુસ્તકો તો અમે વાંચેલાં છે. તે સાંભળીને અમને નવાઈ લાગી. તેથી અમે પ્રશ્ન કર્યો કે તમે ક્યાંથી વાંચેલાં ? તો કહે કે "આપે ગુરુજીને (પ. શ્ર. શ્રી રામ શર્માજીને) આપેલાં તે મેં વાંચેલાં." આ સાંભળીને અમને ખૂબ આનંદ થયો. અમારી પાછળ બે વિદેશી પાદરીઓ પણ તેમને મળવા માટે રાહ જોઈને ઊભેલા હતા તે હવે આગળ આવ્યા. એટલે પંડ્યાજીએ પેલી ચાંલ્લો કરવાની વાડકી ઉપાડીને, તેમાં પોતાની આંગળી બોળીને પાદરીઓના કપાળ તરફ ચાંલ્લો કરવા - આશિષ આપવા લંબાવી. તે જોઈને પાદરીઓ તુરત એક-બે પગલાં પાછળ હટી ગયા અને ચાંલ્લો કરાવવાની સાફ ના પાડી દીધી. હું તો આ દૃશ્ય જોઈને દિગ્મૂઢ થઈ ગયો. પાદરીઓને શિષ્ટાચારનું પાલન કરવાની લેશ પણ પડી હોય તેવું લાગતું નહોતું. પોતે જેમને મળવા અને જેમની જોડે વિચાર-વિનિમય કરવા આવ્યા છે તેમનું માન-સન્માન જાળવવું જોઈએ, તેમની અવજ્ઞા ન થવી જોઈએ એટલી સમજ પણ પાદરીઓમાં ન હતી. કે પછી એમ કહી શકાય કે સમજ તો બધી જ હતી પણ ભારતના એક લોકમાન્ય આધ્યાત્મિક વ્યક્તિનું સન્માન જાળવવાની તેમને બિલકુલ પરવા નહોતી. અસ્તુ.

સાચા હિતૈષી બનીએ

- યોગભિક્ષુ

અનુભવીઓનું કહેવું છે અને આપણે પણ જાણીએ છીએ કે મનુષ્ય પરિસ્થિતિઓનો દાસ છે. મનુષ્યના જીવનમાં અનેક પ્રકારની પરિસ્થિતિઓ આવે છે અને તેની સામે તેને ઝઝૂમવું પડે છે. ક્યારેક અનુકૂળ પરિસ્થિતિ તો ક્યારેક પ્રતિકૂળ પરિસ્થિતિ, ક્યારેક આનંદદાયક પ્રસંગો તો ક્યારેક દુઃખદાયક પ્રસંગો. ક્યારેક વિવેકપૂર્વકનું વર્તન તો ક્યારેક ગાંડપણ ભરેલું વર્તન મનુષ્ય અવારનવાર કરતો હોય છે. જીવનમાં આ બધું સ્વાભાવિક છે. મનુષ્યને બધા પ્રકારની પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. જ્યારે મનુષ્યના જીવનમાં ગાંડપણનો હુમલો આવે છે અને જ્યારે તે વિવેક ચૂકીને, સારાસારને ત્યાગીને, કલ્યાણ-અકલ્યાણથી બેપરવા થઈને જીવનમાં આવેલા આસુરસમજણજનિત આવેશનો ભોગ બને ત્યારે તે પોતાનું ખૂબ જ અકલ્યાણ કરી નાખે છે. તે વખતે તેને એ ભાન પણ નથી રહેતું કે પોતે પોતાના પગ ઉપર જ કુહાડો મારી રહ્યો છે. તે વખતે તો એ ગાંડપણની ધૂનને એટલો બધો વશ થઈ જાય છે કે તેને પોતાના મિત્રો કે જેઓ સાચું કહેતા હોય છે એ બધા પણ દુશ્મન જેવા જ લાગે છે. ગાંડપણનો હુમલો આવેલા મનુષ્યે તો તે વખતે સારાસારનો વિવેક ખોઈ દીધો છે પરંતુ એના જે મિત્રો, હિતૈષીઓ, વડીલો-શ્રદ્ધેયો કે જેઓ પોતાનો વિવેક ચૂક્યા નથી, તે સૌએ તો તે વખતે તેને બરાબર જ સંભાળી લેવો જોઈએ; તે તેમની પવિત્ર ફરજ છે.

જે મનુષ્ય બુદ્ધિને ખોઈ ચૂક્યો છે, આસુરસમજણના નશામાં ચકચૂર થઈ ગયો છે; નશીલી સ્થૂળ ચીજના સેવન સિવાય પણ જે નશામાં ધેધૂર-બેભાન થઈને જીવન બરબાદ કરી રહ્યો છે તે મનુષ્યના મિત્રોએ, તેના હિતૈષીઓએ તેને સંભાળી લેવો જોઈએ. જે વખતે તેને ગાંડપણનો હુમલો આવેલો હોય તે વખતે તેની સાથે એવા પ્રકારની વાતો ન

કરવી જોઈએ કે જેથી તે વધુ ઉશ્કેરાય અને વધુ ગાંડો બને; એમ કરવું તે મિત્રોનું કામ નથી, એ તો શત્રુઓનું કામ છે. તેના ગાંડપણ સમયે તેની સાથે હા એ હા કર્યે રાખવી, તેના ગાંડપણમાં વધારો કરે એવી વાતો કર્યે રાખવી એ મિત્રોનું કામ નથી, એ તો દુશ્મનનું કામ છે; એ તો સૌ કરી શકે. ઢાળ તરફ વહેવું એ તો પાણીનો સ્વભાવ છે. ઢાળની સામે પાણીને લઈ જવું એમાં પ્રયત્નની જરૂર છે, એ બુદ્ધિમાનીનું કામ છે, એ શક્તિવાળાનું કામ છે. અશક્ત માણસ એ કામ કરી શકતો નથી. તો, વિપરીત પરિસ્થિતિઓમાં વિવેક ચૂકી ગયો હોય તેવા મનુષ્યને ન ગમતું કહીને પણ તેને કલ્યાણમાર્ગમાં જ ચલાવવાનો તેના હિતેચ્છુઓએ પ્રયત્ન કરવો જોઈએ; અને તો જ તેઓ તેના સાચા હિતેષી ગણાય. સાચા મિત્રની કસોટી આવા સમયે જ થાય છે.

ગાંડા માણસને વધુ ગાંડપણ ચડાવવું એ તો સાવ સહેલી વાત છે. એના માટે તો એ તૈયાર જ બેઠો છે. પણ એમાં એનું કલ્યાણ નથી થવાનું. વહેલા-મોડા જ્યારે પણ તેનું ગાંડપણ ઊતરશે ત્યારે તેને એ બધું યાદ આવશે કે કોણે કોણે તેને ગાંડપણ ચડાવવામાં પ્રોત્સાહન આપ્યું હતું. તેથી તેને તેવા મિત્રો હિતશત્રુઓ લાગશે અને તેથી તેમના તરફ તેને વેરભાવ જન્મશે. માટે આવાં રહસ્યોને મનુષ્યે સાવધાનીપૂર્વક સમજી લેવાની જરૂર છે.

જે મનુષ્ય પરિસ્થિતિઓના ચક્કરમાં ઝડપાઈ ગયો છે તેની માનસિક સ્થિતિ તો દયનીય છે, સંપૂર્ણ બેકાબૂ છે. પણ તેના હિતેષીઓની સ્થિતિ તો સારી છે ને ? તો, તે સૌએ તો તેને તેવી પરિસ્થિતિમાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેના મિત્રોએ તો પોતાના તન-મન-ધનનો ભોગ આપીને પણ, સાચું કહેવાથી તેને માઠું લાગે તો પણ ભલે લાગે એવી મક્કમતા સહિત સતત ધૈર્યપૂર્વક એને ભ્રમણાઓમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ; કે જેથી ખૂબ ઝડપથી તેની ગાડી પાટે ચડી જાય. ડાહ્યાને ડાહ્યો કરવો એ કઈ મોટી વાત છે ? પરંતુ જ્યારે ગાંડાને ડાહ્યો કરીએ ત્યારે આપણે કંઈક કર્યું કહેવાય. ત્યારે જ આપણે આપણા મનુષ્યજન્મની સાર્થકતા કરી કહેવાય અને ત્યારે જ આપણે આપણા મિત્રને-સ્નેહીને સાચી મદદ કરી કહેવાય. કેવળ ધનથી જ તેને મદદગાર થવું એ કંઈ મોટી મદદ નથી. પણ તેના ગાંડપણના સમયે, સાચી શિખામણ દ્વારા તેનું ગાંડપણ ઊતરે એવા પ્રયત્નો કરવા એ જ સાચી મદદ છે. તો, પરમાત્મા આપણને એવી શક્તિ આપે, એવી સમજણ આપે કે જેથી આપણે - જે પરિસ્થિતિઓના ચક્કરમાં ચડી ગયો છે, જેને મૃગજળના, સુખના પ્રલોભને બેકાબૂ બનાવી દીધો છે, જેને પોતાને પોતાના હિત-અહિતનું ભાન રહ્યું નથી અને જે અકલ્યાણમાર્ગના પથ પર દોટ મૂકી રહેલો છે - તેને તે દોટમાંથી પાછો વાળવાનો પ્રયત્ન કરી શકીએ અને એ રીતે આપણે મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ.

મનુષ્ય જ્યારે ડહાપણપૂર્વક અને સમજણપૂર્વક વર્તન કરતો હોય ત્યારે તેને કોઈનીય મદદનીય જરૂર નથી. તેને ખરી મદદની જરૂર તો ત્યારે જ છે કે જ્યારે તેનું મગજ તેના પોતાના કાબૂમાં ન હોય. તો, તે વખતે અળખામણા થઈને પણ તેને સાચી સમજણની વાતો કહેવી અને તેને કલ્યાણપથ પર ચડાવવાનો પુરુષાર્થ કરવો એ જ તેના હિતેચ્છુઓનું સાચું કર્તવ્ય છે. તો આમ, તેના હિતની વાત હૈયે રાખીને તેના સાચા હિતેષી બનીએ, હિતશત્રુ નહીં.

આપણી ડાહી ડાહી વાતો સાંભળીને, આપણી દોઢડહાપણની સલાહ સાંભળીને જે આપણી પ્રશંસા કરતો હોય એવા ડાહ્યાની મદદ કરવા માટે તો સૌ દોડે; એમાં શું મોટી વાત હતી ! પણ પરિસ્થિતિના ચક્કરમાં ચડીને જે બેકાબૂ થઈ ગયો છે, જે ગાંડા જેવો થઈ ગયો છે, જેનાથી સૌ કોઈ દૂર ભાગે છે, જેને મદદ કરવા કોઈ તૈયાર નથી તેની પાસે જઈને તેને મદદ કરીએ ત્યારે આપણે કંઈક કર્યું કહેવાય, ત્યારે આપણે તેના સાચા હિતેષી થયા કહેવાઈએ. એ સિવાય તો બધું સામાન્ય વર્તન થયું કહેવાય. આપણે મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને આપણા ઉપર આવતાં કઠિનમાં કઠિન કર્તવ્યોને પૂર્ણ પ્રમાણિકતાથી બજાવીએ તો એ યથાયોગ્ય વર્તન થયું કહેવાય. અને તો જ આપણા સંસ્કાર લેખે લાગ્યા કહેવાય. આપણે દંભી છીએ કે પ્રમાણિક તેની કસોટી આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓ દ્વારા જ થાય છે. અનુભવીઓનું કથન કેટલું બધું સચોટ છે -

ધીરજ, ધર્મ, મિત્ર અરૂ નારી;

આફત કાળ પરીક્ષા ચારી.

મનુષ્યની લાચારી - બીમારી

આપણે બીમાર ન પડીએ એટલા માટે ગમે તેટલા સાવધાન રહીએ, ગમે તેટલા સંયમ-નિયમનું પાલન કરીએ, ખાવાપીવામાં પાર ખૂબ સતર્ક રહીએ આહાર-વિહાર પાર પવિત્ર અને સાત્ત્વિક રાખીએ છતાંય બીમાર પડીએ છીએ. આપણે આપણા હાથમાં હોય તેવી બાબતોમાં તો પૂરી સંભાળ લઈ શકીએ. પાર આપણા હાથમાં નથી તેવી બાબતો માટે આપણે શું કરી શકીએ ? જેમકે ખાવાપીવાની વસ્તુઓ - એ જ્યાંથી આવતી હોય, જ્યાં પેદા થતી હોય ત્યાં અમુક પ્રકારના ઝેરી ખાતરો વપરાતાં હોય, ઝેરી જંતુનાશક દવાઓ વપરાતી હોય, તેની આજુબાજુનું પર્યાવરણ દૂષિત હોય, તેમાં કેટલા પ્રકારના દૂષિત વાયુઓ ભરેલા હોય; પીવાનું પાણી એ પાર કેટલા પ્રકારની દવાઓથી મિશ્રિત - આમ અનેક રીતે આપણા આરોગ્યને હાનિકર્તા બાબતો બનતી હોય, તેમાંથી પસાર થવું પડતું હોય પછી બીમાર થઈ જ જવાય. જે ખૂબ સાવધાની રાખવાવાળા પાર બીમાર થઈ જતા હોય તો જે સાવધાની નથી રાખતા તેમને તો બીમારીનું ચક્કર છોડે જ ક્યાંથી? વળી માણસ અનેક પ્રકારની ચિંતાઓથી ઘેરાયેલો હોય છે જેથી તે સતત માનસિક તાણ અનુભવતો હોય છે. તેના કારણે પાર તે અનેક પ્રકારના વ્યાધિઓથી ઘેરાઈ જતો હોય છે. નાનો હોય ત્યારે અભ્યાસની ચિંતા, યુવાનીમાં કુટુંબના ભરણપોષણની ચિંતા, બુઢાપામાં અનેક પ્રકારના રોગો અને શરીરની શિથિલતાની ચિંતા; આમ બચપણ, જુવાની અને બુઢાપો એ ચિંતાથી જ ભરેલો. એમાંય પાછાં કેટલાંય ભ્રમો, વહેમો અને અજ્ઞાન! એ બધાના કારણે પાર મનુષ્યને અનેક પ્રકારની વિટંબણાઓ ઘેરી વળતી હોય છે.

માણસ પોતાના એક કુટુંબને સારી રીતે ચલાવવામાં પાર કેટલો વ્યગ્ર હોય છે, કેટલો ચિંતાયુક્ત હોય છે ! તો, ગુરુસંતોને તો આખો સમાજ-પરિવાર ! હજારો પ્રેમીઓની ચિંતા !! હજારો પ્રેમીઓને ત્યાં સારા-માઠા પ્રસંગો આવે. તો, એ સારા પ્રસંગોના આનંદનો પાર આઘાત, માઠા પ્રસંગોના શોકનો પાર આઘાત વત્તાઓછા પ્રમાણમાં તેમના સ્વાસ્થ્ય પર અસર કરે એ દેખીતું જ છે. એક કુટુંબનાં બાળબચ્ચાં, દીકરા-દીકરીઓ, તે સૌની અસર માતાપિતા પર થતી હોય છે; તો ગુરુસંતોને તો હજારો પ્રેમીઓ અને એમનાં પુત્રપુત્રીઓ, એ બધાંના સુખદુઃખની અસર વત્તાઓછા પ્રમાણમાં તેમના ઉપર થાય એ સ્વાભાવિક છે. અમુક પ્રેમીઓના વર્તનથી સુખ અને સંતોષ પ્રાપ્ત થતાં હોય તો અમુકના વર્તનથી દુઃખ અને અસંતોષ પ્રાપ્ત થતાં હોય; એ બધાંની સારીમાઠી અસર સ્વાસ્થ્ય ઉપર જરૂર થાય. વર્ષમાં કેટલા બધા પ્રસંગો આવે ! સત્સંગના ઉત્સવો આવે !! એ બધાનાં સંચાલન કરવાનાં હોય. એ વખતે પાર અનેક સમસ્યાઓ ઉત્પન્ન થતી હોય. હમણાં થોડા સમય પહેલાં જ એક પ્રસંગ બનેલો. એક ભાઈ કહે, "સત્સંગના કાર્યક્રમમાં અમુક ભાઈ આવે તો હું નહીં આવું." એ ભાઈની કેટલી અજ્ઞાનતા અને મૂર્ખતા ! અરે ભાઈ ! સત્સંગમાં તમે નહીં આવો તો નુકસાન તમને થવાનું છે, પેલા ભાઈને થવાનું નથી. સત્સંગમાં તો સૌ કોઈ આવી શકે.

તો, જેમને આપણે ડાહ્યા અને સમજદાર સમજતા હોઈએ તેઓ પાર જ્યારે આવા પૂર્વગ્રહથી પીડિત થવા લાગે ત્યારે આપણને મહા દુઃખ થાય. સત્સંગમાં ન આવવા માટેના તેના અમુક પૂર્વગ્રહો છે તેથી તે નથી આવતો પાર તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેને ન ગમતો માણસ આવતો હોય ત્યારે તે એમ કેમ નથી કહેતો કે 'મારી ઓફિસમાં અમુક ભાઈ આવે છે તેથી હું નોકરીએ નહીં આવું.' આવા લોકોની સમજણમાં કેટલી લઘુતા કહેવાય ! આપણે જેને ખૂબ સમજદાર સમજતા'તા કે આ ભાઈને આધ્યાત્મિકતાની કિંમત ખૂબ છે, તે તો સાવ જ અજ્ઞાની નીકળ્યા. એને સત્સંગની બિલકુલ જ કિંમત નથી. જો તેમને પોતાની નોકરી જેટલી પાર સત્સંગની કિંમત હોત તો સત્સંગમાં જરૂર આવતા. જો કે સત્સંગની કિંમત તો આંકી શકાય એમ જ નથી. નોકરી તો માત્ર ભૌતિક અને મર્યાદિત સુખપ્રાપ્તિનું સાધન છે જ્યારે સત્સંગ તો આધ્યાત્મિક અને અખંડ સુખ અને મોક્ષપ્રાપ્તિનું સાધન છે. મનુષ્ય જુદાં જુદાં બહાનાં તળે પોતાના દંભને પાર છુપાવવાનો પ્રયત્ન કરતો હોય છે.

આમ, ગુરુસંતોના સાંનિધ્યમાં વર્ષો સુધી રહેલા હોય

તેમનામાં પણ ક્યારે વિદ્રોહયુક્ત વિપરીત વર્તન જોવામાં આવે ત્યારે તેની પણ અસર ગુરુસંતોના સ્વાસ્થ્ય પર જરૂર થાય. તદ્‌ઉપરાંત કર્મનો સિદ્ધાંત પણ તંદુરસ્તીની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં કામ કરતો હોય છે. જેમ આ જીવનનાં સારાં-માઠાં કર્મોની અસર થતી હોય છે તેમ પૂર્વજન્મનાં સારાં-માઠાં કર્મોની અસર પણ સ્વાસ્થ્ય પર થતી હોય છે.

મનુષ્ય તમામ કમજોરીઓ સામે ઝઝૂમીને આરોગ્ય જાળવી રાખીને દીર્ઘાયુ પ્રાપ્ત કરે તો પણ શું? ધારો કે કોઈ મનુષ્ય આરોગ્ય સાથે દોઢસો વર્ષની ઉંમરે પહોંચી શક્યો છે પણ તે વખતે તેની સ્થિતિ કેવી હોય? તે વખતે તેની પત્ની, પુત્રો, પુત્રીઓ, ભાણેજ, ભત્રીજા, કાકા, મામા, મિત્રમંડળ, સગાંસ્નેહી, આડોશીપાડોશી વગેરેમાંથી કોઈ જ જીવિત ન હોય. તે વખતે તે પોતાને એકલો-અટૂલો અનુભવ કરીને રિબાયા કરે તે કાંઈ ઓછી દયનીય સ્થિતિ છે? આવી રિબામણી એ તો મહા ત્રાસદાયક બીમારી કહેવાય. એ વખતે તેને પોતાનું દીર્ઘાયુ હર્ષજનક નહીં પણ ત્રાસદાયક લાગે. આથી જ આપ્તજનોએ કહ્યું છે કે ફક્ત પોતાની જ ઉન્નતિમાં રાજી ન રહેતા, સર્વની ઉન્નતિનો ખ્યાલ રાખવો જોઈએ. તદ્‌ઉપરાંત-

કર્મનો નિયમ પણ અટલપણે કામ કરતો હોય છે. પુણ્યનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ અવશ્ય ભોગવવું જ પડે છે. મનુષ્ય બેહદ સાવધાન રહે તોપણ તેના દ્વારા પાપો થઈ જ જવાનાં. મરજી ન હોવા છતાંય, જીવન જીવવા માટે કરાતાં કર્મોમાં પાપો થઈ જ જવાનાં. પાંચ પગલાં ચાલીએ ત્યાં જ અનેક જીવો પગ તળે કચરાઈ મરે છે. એક ઓરડામાં બેસી રહીએ તોપણ શ્વાસોચ્છ્વાસ તો લેવા જ પડશે. વૈજ્ઞાનિકોના મત પ્રમાણે મનુષ્ય ચોવીસ કલાકમાં શ્વાસ-પ્રશ્વાસમાં એટલું ઝેર બહાર ફેંકે છે કે તેનાથી વીસ હાથી મરી જઈ શકે. પણ જીવવું છે એટલે શ્વાસોચ્છ્વાસ કર્યા વિના છૂટકો નથી. આમ જીવવા માટે અનિવાર્ય આવશ્યકતા રૂપે કરાતાં કર્મો દ્વારા પાપો થતાં જ રહેવાનાં અને તેનાં ફળ સ્વરૂપે દુઃખો-દર્દો આવવાનાં જ. આમ, મનુષ્યને બીમારીની લાચારી ભોગવવી જ પડે છે.

મનુષ્ય જેમ પરિસ્થિતિઓનો દાસ છે,
તેમ જીવનમાં સ્વાભાવિક બીમારીનો વાસ છે.
જડ-ચેતન, ગુણદોષમય, વિશ્વ કિન્હ કિરતાર;
સંત-હંસ ગુણપય પિય, પરહરિ વારિ વિકાર.

ઉપર બતાવ્યાં તે સિવાય પણ અન્ય અનેક કારણોથી દુઃખદર્દો આવી શકે છે. અહીં આ બધું વર્ણન હતોત્સાહ થઈ જવા માટે નથી કર્યું પણ દુઃખદર્દો સામે ટક્કર લેવા સતત તૈયાર રહી શકીએ તેટલા માટે કર્યું છે. માનસિક રીતે આપણે તૈયાર હોઈએ તો પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ભાંગી ન પડાય.

પરમાત્માનું બનાવેલું વિશ્વ આખું જડ-ચેતન અને ગુણ-દોષથી ભરેલું છે. તેમાંથી હંસવૃત્તિવાળાઓ જ ગુણરૂપી દૂધનું પાન કરીને પાણીનો ત્યાગ કરી દે છે.

જીવનમાં આવતી નક્કર વાસ્તવિકતાઓ જાણવી જ જોઈએ અને તે જણાવવાનો જ અહીં થોડો પ્રયત્ન કર્યો છે. બુદ્ધિમાનો માટે એક ઈશારો જ બસ છે.

સાચા ગુરુ શુક્રાચાર્ય

-યોગભિક્ષુ

ગુરુ શબ્દ બોલતાંની સાથે જ શિષ્યનું અસ્તિત્વ સાબિત થઈ જાય છે. જો શિષ્ય ન હોય તો ગુરુ કોના ગુરુ? માટે શિષ્યો છે તો જ ગુરુજનો છે; શિષ્યો પોતાના કલ્યાણ માટે જ ગુરુજનોને ધારણ કરે છે - ગુરુજનોનો સ્વીકાર કરે છે-ગુરુજનોને ઈચ્છે છે. ગુરુનો અર્થ જ છે - "શિષ્યોનું કલ્યાણ કરનારા." જે "લઘુ" નથી તે "ગુરુ" છે. સાચા કલ્યાણ સિવાયની બધી જ બાબતો "લઘુ" છે. માત્ર સાચું કલ્યાણ જ ગુરુ છે અર્થાત્ અતિ મહત્ત્વનું છે. માટે શિષ્યોનું કલ્યાણ-સાચું કલ્યાણ કરે છે તે સાચા ગુરુ છે. અને ગુરુની હયાતી-ગુરુના શરીરની હયાતી ન હોય ત્યારે તેમનું સર્વ સત્ત્વ જેમનામાં શેષ રહે છે તે તેમના સાચા શિષ્યો છે. શેષ જે-પચાવે તે શિષ્ય.

ગુરુઓમાં બૃહસ્પતિનું નામ આગળ પડતું લેવાય છે. કારણ કે તેઓ દેવોના ગુરુ છે. બૃહસ્પતિ દેવોના ગુરુ હોવા છતાંય તેમની પાસે મૃતસંજીવની વિદ્યા નહોતી. તે વિદ્યા તો ફક્ત શુક્રાચાર્ય પાસે જ હતી.

શુક્રાચાર્ય શુક્રના-વીર્યના આચાર્ય હતા. તેઓ શુક્રના જારણ-મારણ-ધારણ વગેરે કળાઓના પૂર્ણ જ્ઞાતા હતા. શુક્રસંગ્રહ, શુક્રપોષણ દ્વારા તેમણે મૃતસંજીવની વિદ્યા પ્રાપ્ત કરી હતી. તેઓ દાનવોના ગુરુ હતા. દાનવોના ગુરુ થનારમાં ઘણી મોટી લાયકાત હોવી ઘટે. નહીં તો દાનવો ગાંઠે જ નહિ, ગુરુને ફેંકી જ દે. દેવોના ગુરુ થવું સહેલું પણ દાનવોના ગુરુ થવું મહા જોખમી. દાનવોને ક્યારે વાંકું પડી જાય અને ક્યારે ગુરુને પતાવી દે તે કોણ કહી શકે? માટે દાનવોના ગુરુ, સંજીવની વિદ્યાવાળા હોવા જોઈએ.

શુક્રાચાર્ય પ્રાણના પણ ભોગે અને વિષ્ણુ ભગવાનનો પણ વિરોધ કરીને પોતાના શિષ્ય બલિરાજાનું કલ્યાણ કરવાનો કેવો અદ્વિતીય અને અતુલનીય પ્રયત્ન કરે છે તેનું ખૂબ સુંદર દૃષ્ટાંત નીચેની વાર્તામાં રજૂ કરાયું છે.

ભગવાન વિષ્ણુ, વામન સ્વરૂપે, બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વીની માગણી કરે છે. ત્યારે બલિ કહે છે કે આપ ફક્ત ત્રણ પગલાં પૃથ્વીનું દાન જ મારી પાસે માગીને મને શરમાવો નહિ, હું મારું આખું સામ્રાજ્ય આપને આપી દેવા તૈયાર છું. બરાબર આ જ વખતે બલિના ગુરુ શુક્રાચાર્ય ત્યાં આવે છે. અને તેઓ ત્રિકાલજ્ઞ હોવાના કારણે બધું સમજી જાય છે કે "બલિ, વામન સ્વરૂપે દાન માગવા આવેલા વિષ્ણુ ભગવાનને ઓળખી શક્યો નથી, ત્રણ પગલાં પૃથ્વી માગીને વિષ્ણુ, સમસ્ત બ્રહ્માંડ પર પોતાનો હક્ક જમાવીને, બલિને છેતરી રહ્યા છે તેની ખબર બલિને પડી નથી. તેથી મારે તેને બચાવવો જોઈએ." તેથી તેઓ પોતાના શિષ્ય બલિને બચાવવા અનેક રીતે સમજાવે છે. જ્યારે બલિ કહે છે કે હું વચનથી બંધાઈ ગયો છું તેથી મારે દાન આપવું જ પડે. ત્યારે પણ તેઓ તેને સમજાવે છે કે - "છેતરીને દાન લેવા આવનારને દાન ન આપવાથી વચનનો ભંગ થતો નથી, અને છતાંય તું એમ માનતો હોય કે વચનભંગ થાય છે તો તેનું પાપ હું મારે માથે લઈ લઉં છું." પણ તોય બલિરાજા દાન આપવા પાણીની ઝારી લઈને દાનનો સંકલ્પ મૂકવા તૈયાર થાય છે ત્યારે શુક્રાચાર્ય સૂક્ષ્મ રૂપ ધારણ કરીને પાણીની ઝારીના નાળચામાં પેસી જવાની યુક્તિ કરે છે જેથી નાળચામાંથી પાણી બહાર નીકળતું જ નથી. આ રહસ્ય-યુક્તિ વામન રૂપે રહેલા વિષ્ણુ સમજી જાય છે અને તેથી દર્ભની સળી નાળચામાં ઘુસાડવાની યુક્તિ કરીને શુક્રાચાર્યની એક આંખ ફોડી નાખે છે. ત્યારથી શુક્રાચાર્ય એક આંખે કાણા થઈ જાય છે. તે તેમનું કાણાપણું તેમના માટે દૂષણરૂપ નહિ પણ ભૂષણરૂપ છે, શિષ્ય માટે ગુરુએ આપેલા પરમ ભોગનું પરિચાયક છે.

શુક્રાચાર્ય મહાજ્ઞાની હતા. તેઓ બરાબર જાણતા જ હતા કે ભગવાન સામે પડવામાં સફળતા ન જ મળે. પણ તોય તેમણે પૂરો પ્રયત્ન કર્યો જ, પોતાના શિષ્ય માટે જે કાંઈ ભોગ આપવો પડે તે આખો જ, પોતાની અતિ કીમતી આંખનો ભોગ આપીને પણ પોતાના શિષ્યના કલ્યાણનો પૂરો પ્રયત્ન કર્યો જ.

ધન્ય છે ધન્ય છે આવા સાચા ગુરુ શુક્રાચાર્યને !

સાચો શણગાર

(નવા વર્ષના આશિષ)

- યોગભિક્ષુ

લાલી લિપસ્ટિકને પાવડર લગાડે,
બહુવિધ શણગાર ધારે,
કહે યોગભિક્ષુ સાચો શણગાર તો
સદ્‌ગુણ જ કહાવે.... આ બધું કોણ તને સમજાવે ?

મનુષ્યો રૂપાળા લાગવા માટે અનેક પ્રકારનો બાહ્ય શણગાર સજે છે પણ એ બધું તો નકલી રૂપ છે. સાચું-અસલી રૂપ તો સદ્‌ગુણમાં અને નીરોગીપણામાં સમાયેલું છે. આવાં સાચાં સરળ અને અતિ ઉપયોગી રહસ્યો માનવીની સમજમાં

નથી આવતાં તે તેની કમનસીબી છે.

હોઠો પર લિપસ્ટિક, ગાલ પર લાલી, કાનમાં લટકણિયાં, પગમાં પગ મરડાઈ જાય તેવાં ઊંચી એડીનાં જોડાં, કપડાં પણ આછકલાં અને આરોગ્યને હાનિ કરે તેવાં વગેરે પ્રકારના બાહ્ય શણગારથી સજ્જ થયેલી પત્ની પતિને રૂપાળી ન લાગવી જોઈએ, એવા રૂપાળાપણાની વ્યાખ્યા માંદલી કહેવાય. પતિની રૂપાળાપણાની એવી માંદલી વ્યાખ્યા પત્નીને કાયમ માટે માંદલી કરી મૂકે છે. ઉપરથી બધા જ શણગાર સજ્યા હોય પણ અંદરથી અસાધ્ય રોગોથી ખદબદતી પત્ની બિચારી રોગી બાળકોની જ ભેટ આપે છે. આરોગ્ય અને સદ્‌ગુણ જ સાચો શણગાર છે તેવું પોતાનો પતિ માને છે તેવી ખાત્રી પત્નીને થઈ જાય તો તે જરૂર આરોગ્ય અને સદ્‌ગુણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે જ. પત્નીને આવી ખાતરી કરાવી દેવી તે પતિની પવિત્ર ફરજ છે અને તો જ ગૃહસ્થાશ્રમમાં સ્વર્ગનું સુખ પ્રાપ્ત થશે, નહિતો નરકમાં સબડવાનું થશે. ગૃહસ્થાશ્રમનું સાચું સુખ, પતિની રૂપાળાપણાની તંદુરસ્ત વ્યાખ્યામાં સમાયેલું છે. પતિએ પત્નીને શણગારની સાચી વ્યાખ્યા દ્વારા ઉત્તેજન આપવું જોઈએ.

બૂટ, સૂટ, મોજા, નેકટાઈ પહેરેલા, મઘમઘતા તેલથી તરબોળ કરેલા બાલનાં પટિયાં પાડેલા, જાત-ભાતની સુંગધથી ગંધાતા વગેરે શણગાર સજેલા પતિને પત્નીએ રૂપાળો ન સમજવો જોઈએ પણ નીરોગી અને સદ્‌ગુણી પતિને જ રૂપાળો સમજવો જોઈએ. પતિ દ્વારા પ્રાપ્ત થતી સુખ-સગવડની રેલમછેલ માત્રથી પત્નીએ સંતોષ ન માનવો જોઈએ પણ પોતાનો પતિ સુખસગવડની રેલમછેલ નીતિ-ન્યાયથી કરે છે કે કેમ તેની પણ કાળજી લેવી જોઈએ. સદ્‌ગુણી પત્ની પોતાનો પતિ જે કોઈ નીતિ-ન્યાયથી જેટલું કમાતો હોય તેમાં જ સંતોષ અનુભવશે, તેટલામાં જ પોતાનો ગુજારો સહર્ષ ચલાવશે. પોતાના શોખડા પૂરા કરવા માટે સદ્‌ગુણી પત્ની કદી પણ પતિને અનીતિ-અન્યાયથી ચાલવા મજબૂર નહિ કરે. બાહ્ય સગવડોમાં સાચાં સુખ-શાંતિ નથી પણ સંતોષમાં છે, અને સંતોષ સાચી સમજ, પરસ્પરની આત્મીયતા અને નીરોગિતામાં સમાયેલો છે. પતિ, ખોટા માર્ગે ચાલવા પ્રેરાય કે ઉશ્કેરાય તેવું વર્તન આડકતરી રીતે પણ સમજદાર પત્ની નથી કરતી.

આમ, પતિ-પત્ની બંને સદ્‌ગુણ અને નીરોગીપણા ને જ સાચો શણગાર સમજીને ગૃહસ્થાશ્રમમાં સુખ-શાંતિની રેલમછેલ કરી શકે છે, અને અનેકોને પ્રેરણા આપી શકે છે.

કહ્યું છે કે એક તંદુરસ્તી લાખ નિયામત. નિરોગીપણાનો આનંદ તો જેણે માણ્યો હોય તે જ જાણે. રોગીપણાનો ત્રાસ તો જેણે ભોગવ્યો હોય તે જ જાણે.

મને તો સોળ સહદેવ વળગ્યા છે !
(પ. પૂ. ગુરુદેવે એક સ્નેહીને લખેલ પ્રેરણાદાયી પત્ર)

॥ ૐ ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

તા. ૧૪-૧૧-૯૯

પરમ તપસ્વી શ્રી....

તમારી ચિઠ્ઠી મળી, વાંચીને ખૂબ દુઃખ થયું. જીવનમાં કેવી દુઃખદાયક પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે! મારી શારીરિક સ્થિતિ પણ ખૂબ ખરાબ છે. તેથી તમને મદદરૂપ થઈ શકાતું નથી તેનું ખૂબ દુઃખ છે. ગેસની ખૂબ તકલીફ છે. તેના માટે નિસર્ગોપચારના દવાખાનામાં વીસ દિવસ જઈ આવ્યો પણ કાંઈ ખાસ ફર્ક નથી. રોજની રૂા. ૩૦૦/- ફી હતી. ડાબી આંખમાં નેત્રમણી મુકાવ્યો છે, જમણીમાં મોતિયો આવી ગયો છે; તેનાથી કાંઈ દેખાતું નથી. હાલમાં હરસની ખૂબ તકલીફ છે. બેસી શકાતું નથી. ચોવીસે કલાક ઑપરેશન જેવી પીડા રહે છે. બાર કિલો વજન ઘટી ગયું છે. જમવામાં ફક્ત સાદી રોટલી અને બાફેલું શાક. છ માસ સુધી મીઠું પણ બંધ હતું. રોજ અનેક માણસો પોતાના

દુઃખના રોદણાં લઈને મળવા આવે તે બધાનું પાણ, ભગવાન ચુકાદે તે પ્રમાણેનું સમાધાન કરવાનું. અને બીજી પાણ અનેક ઉપાધિઓ આવનજાવન થતી હોય. થોડું મારીને મોકું લાલ રાખવાનું. બળભદ્ર કૃષ્ણને કહે કે "કૃષ્ણ દોડજે, બાર સહદેવ મને વળગ્યા છે, તેમાંથી છોડાવ." ત્યારે કૃષ્ણ કરવાબ આપે છે કે "મોટાભાઈ ! મને તો સોળ સહદેવ વળગ્યા છે, કેવી રીતે આવું ?"

મારે મારી તકલાદીની વાતો તમને કરવી નહોતી પાણ આ બધું વાંચીને તમારા મનનું કોઈ સમાધાન થાય એટલે લખવી પડી છે. જગતમાં જન્મ્યા સો નર દુખિયા.

કોણ પહેલું જશે તેની કોને ખબર ? આપ મુઆ પીછે દુબ જઈ દુનિયા. "મનવા ત્યાં જઈએ, જ્યાં ન અપનો કોઈ; માટી ભરીને ચિયાળવા, ને મુઆ ન રોવે કોઈ." કોઈપાણ પ્રકારનો અતિ આગ્રહ ન રહે તે સારું. ઋણાનુબંધ પ્રમાણે બધું કુદરતે ગોઠવી જ રાખ્યું હશે. તમે તમારી પાછળ બધી ક્રિયાઓ કરવાની ના પાડી છે તે બરોબર જ છે. તમો ત્યાગી છો તે તમારી વાત બરોબર જ છે. પણ જીવવા માટે કે જલદી મરી જવા માટે પરમાત્માને પ્રાર્થના કરવી તે ઠીક નહીં. પરમાત્માને જેમ ઠીક પડે તેમ કરે.

ડૉક્ટરો અમને ઘણા ઉપચારો બતાવે છે. તેમને અમે કહીએ છીએ કે અમે બધી જ પદ્ધતિઓ જાણીએ છીએ પાણ તોય અમારા રોગ જતા નથી. કેમકે અમે ગુરુ કરીએ તેથી અમારા રોગ પાણ ગુરુ (ભારે) હોય ! (હટાવવા માટે) જેટલું ભોગવી લઈએ તેટલું ભોગવવું પડે.

જ્યાં શરીર પડવું હોય ત્યાં શરીર પડે, અને પછી મૃત શરીરનું જે થવું હોય તે થાય. રાજા ભૂમિ ગોપાલકી. મને ખોતિરમું થાલે છે, તમને કદાચ ખોસીમું લાશે. ત્રણેક વર્ષથી ખાન બરાબર કરતો નથી. ઓમુપરિવારના કાર્યક્રમમાં ભક્તો ગાદીમાં લઈ જાય અને મૂકી જાય. પ્રવચન કરતો હોઉં ત્યારે કોઈને કલ્પનાય ન આવે કે મારી આવી સ્થિતિ છે. રામકૃષ્ણ પરમહંસને તથા રમાણ મહર્ષિને કેન્સર હતું, દયાનંદને ઝેર અપાણું, રામતીર્થ પાણીમાં ડૂબી મર્યા, વિવેકાનંદ-શંકરાચાર્ય બાર નાની ઉંમરમાં ગુજરી ગયા. નડિયાદવાળા શ્રી મોટાના શરીરમાં અઢાર રોગ હતા એવું છાપામાં આવ્યું હતું. આમ, આવા કિસ્સાને યાદ કરીકરીને હિંમતને ટકાવી રાખવી પડે. જેને આપાણે સુખી સમજીએ છીએ તેઓ બધા પાણ આપાણા કરતાં અનેક ગણા દુઃખી છે.

જે આપાણી પાસેથી લઈ ગયા છે તે કાં તો આપાણા લેણદાર હશે અથવા આપાણા દેણદાર થયા. આમે તે રીતે મનનું સમાધાન કરી લેવાનું છે. સમાધાન જેવું સુખ બીજા શેમાંય નથી.

આ બધું વાંચીને મારી જરાય ચિંતા કરશો નહીં. તમારા સમાધાન માટે મારે આ બધું જણાવવું પડ્યું છે. કુદરતી ઉપચારની શિબિરમાં અમે કહેલું કે -

લોકોનો હતાશા ટાળવા માટે અમારે એટલું બધું ચિંતન-મનન કરવું પડે છે કે - અમારું મન તેમાં એટલું બધું રોકાયેલું રહે છે કે અમારી પોતાની હતાશાની નોંધ લેવાનો પાણ તેને અવકાશ નથી.

તમે મને જે કાંઈ લખ્યું જણાવો છો તેથી તમારું હૃદય જરૂર લાગતું થતું હશે એમ હું માનું છું અને તેથી એટલો સંતોષ છે. તમારો નિર્મળ પ્રેમ સદાય યાદ આવે છે.

મારું લગભગ બધું જ કામ હજુ પાણ હું હાથે જ કરું છું. રોજે બધા કુદરતી ઉપચારો, વ્યાયામ વગેરે નિયમિત કરવાના, રોજે બેથી ત્રાણ હજાર પગલાં ચાલવાનો નિયમ. આ બધું ક્યાં સુધી થઈ શકશે તે નારાયાણ જાણે. આ બધું જ તમને પ્રેરાણા મળે એટલા માટે લખ્યું છે.

હરણનો રોગ પિતાજી તરફથી વારસામાં મળેલો એટલે તે દવાથી મટે નહીં, દવાથી રાહત રહે.

બસ એ જ,
થોડું લખ્યું ઝાઝું કરી માનજો,
ઝાઝું લખ્યું થોડું કરી માનજો.

-યોગમિત્રના
નવા વર્ષના
વંદન-અભિનંદન-આશિષ.

લેસર ટાઈપસેટીંગ
જનરી ગ્રાફિક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ,
૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી, રખિયાલ,
અમદાવાદ-૨૧. ફોન :-૭૪૫૪૬૬૯

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १ अ, पवियडनगर, नारणपुरा, अमदावाद-३८० ०१३।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने करावववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (3) समाजनुं नैतिक धोरण ऊंचुं लावववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No. 48770/90
L-5/131/QTY./34/90-91

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at: Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March 2000

To,

Pin Code

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ---------- રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય (") ---------- રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ---------- ૧૨ $
આજીવન સભ્ય (") ---------- ૧૦૧ $

લવાજમ મોકલવાનું સ્થળ :-

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા " ઓ. પ્રે. પ. ટ્રસ્ટ " ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) " રુતમ્ભરા " ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.